


નવસર્જન સંસ્કૃતિ

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 103
Dt.: 17-02-2026,
Tuesday
Page:04
Rs.00.50 paisa


### મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વિપક્ષી દળો પર આકરા પ્રહારો કર્યા

# આ લોકો રામ મંદિર અને કાશી વિશ્વનાથ ધામનો વિરોધ કરતા હતા

## ઉત્તર પ્રદેશ હવે ફિયર ઝોનમાંથી ફેથ ઝોનમાં બદલાઈ ગયું છે: હવે કર્ફ્યુ કલ્ચરનો નહીં, પણ ઝીરો ટોલરન્સનું કલ્ચર છે : યોગી આદિત્યનાથ

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનૌ

ઉત્તર પ્રદેશ વિધાન પરિષદમાં સોમવારે રાજ્યપાલના અભિભાષણ પર ચર્ચા દરમિયાન મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વિપક્ષી દળો પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે, પાછલી સરકારોએ ઉત્તર પ્રદેશને અરાજકતા અને અવ્યવસ્થાનો ગઢ બનાવી દીધો હતો, પરંતુ આજે ડબલ એન્જિન સરકારની સ્પષ્ટ નીતિ અને સુશાસનના કારણે રાજ્ય બીમારુ રાજ્યની શ્રેણીમાંથી બહાર આવીને બ્રેકથ્રૂ સ્ટેટ બન્યું છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે, '૨૦૧૭ પહેલા રાજ્યમાં ગુંડાઓ અને માફિયાઓ સમાંતર સરકાર ચલાવતા હતા. તે સમયે વન ડિસ્ટ્રિક્ટ વન માફિયાનું રાજ હતું અને ઉત્તર પ્રદેશની છબી અસ્થિરતા તરીકે ઓળખાતી હતી. આજે સ્થિતિ બદલાઈ છે અને ઉપદ્રવ પ્રદેશ ઉત્સવ પ્રદેશ બની ગયો છે. રાજ્યમાં હવે ન તો રમખાણો થાય છે ન તો કર્ફ્યુ લાગે છે, હવે બધું જ ચંગા છે.' યોગી આદિત્યનાથે વધુમાં કહ્યું કે, 'ઉત્તર પ્રદેશ હવે ફિયર ઝોનમાંથી ફેથ ઝોનમાં બદલાઈ ગયું છે. હવે કર્ફ્યુ કલ્ચરનો નહીં, પણ ઝીરો ટોલરન્સનું કલ્ચર છે.

હવે ફેસ્ટિવલ એન્ડ ટેમ્પલ ઈકોનોમી ગ્રોથ કરી રહી છે. કોઈએ વિચાર્યું પણ નહીં હોય કે અગાઉ માઘ મેળામાં કેટલાક લાખ જ શ્રદ્ધાળુઓ આવતા હતા, ત્યારે હવે ૨૧ કરોડથી વધુ શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા છે, કારણ કે તેમને સુરક્ષા-વ્યવસ્થા પર વિશ્વાસ છે.'

રોજગારના મુદ્દે વિગતો આપતા મુખ્યમંત્રીએ કહ્યું કે, 'પોલીસ વિભાગમાં ૨.૧૯ લાખ ભરતીઓ કરવામાં આવી છે, જેમાં ૨૦ ટકા દીકરીઓ છે. ૨૦૧૭માં યુપી પોલીસમાં માત્ર ૧૦,૦૦૦ મહિલા કર્મચારીઓ હતી, જેની સંખ્યા આજે વધીને ૪૪૦૦૦થી વધુ થઈ ગઈ છે. આ ઉપરાંત અગાઉ માત્ર ૨ ફોરેન્સિક લેબ હતી, જેની સામે આજે ૧૨ લેબ કાર્યરત છે અને અન્ય ૬ નિર્માણાધીન છે. અગાઉની સરકારે પીએસીને બંધ કરવાની સ્થિતિ પર પહોંચાડી દીધું હતું, આજે ૩૪ વાહિનીઓ કાર્યરત છે, જેમાં ૩ નવી મહિલા બટાલિયનનો સમાવેશ થાય છે. તેમણે વધુમાં કહ્યું કે, 'વંદે માતરમ ભારતની આન-બાન-શાનનું પ્રતીક છે. રાષ્ટ્રગીત, રાષ્ટ્રીય નાયકો અને ત્રિરંગાનું અપમાન એ બંધારણની અવગણના છે. સમાજવાદી પાર્ટીના સભ્યો વંદે માતરમનું અપમાન કરી રહ્યા છે, જે બંધારણ અને બાબા સાહેબ આંબેડકરનું અપમાન છે. સપા રામ મંદિર, કાશી વિશ્વનાથનો વિરોધ કરે છે, જ્યારે ગાઝીના મેળાનું સમર્થન કરે છે. અમારી સરકારે બહરાઈચમાં મહારાજા સુહેલદેવના નામે ભવ્ય સ્મારક બનાવ્યું છે, જે હિન્દુ રાજાઓના શૌર્યનું પ્રતીક છે.'



### મણિશંકર અય્યરનું સ્ફોટક નિવેદન

# 'હું નેહરુ અને રાજીવવાદી છું, પણ રાહુલવાદી નથી'

## તેમણે એક સરકારી કાર્યક્રમમાં કેરળના મુખ્યમંત્રીની ભરપેટ વખાણ કર્યા છે, તો રાહુલ ગાંધી વિરુદ્ધ કટાક્ષ કર્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

હંમેશા વિવાદાસ્પદ નિવેદનોના કારણે ચર્ચામાં રહેલા કોંગ્રેસના વરિષ્ઠ નેતા મણિશંકર અય્યરે પોતાની જ પાર્ટીના નેતાઓ સામે મોરચો ખોલીને રાજકીય વાતાવરણ ગરમાવી દીધું છે. તેમણે એક સરકારી કાર્યક્રમમાં કેરળના મુખ્યમંત્રીની ભરપેટ વખાણ કર્યા છે, તો રાહુલ ગાંધી વિરુદ્ધ કટાક્ષ કર્યો છે. એટલું જ નહીં, તેમણે શશિ થરૂર, પવન ખેડા અને જયરામ રમેશ જેવા દિગ્ગજ નેતાઓ સામે જાહેરમાં રોષ વ્યક્ત કર્યો છે. તિવનંદપુરમમાં એક સરકારી કાર્યક્રમમાં ઐય્યરે કહ્યું કે, કેરળની વિધાનસભા ચૂંટણીમાં વર્તમાન મુખ્યમંત્રી પિનરાઈ વિજયન જ મુખ્યમંત્રી યથાવત્ રહેશે. કેરળે પંચાયતી રાજમાં ઘણી પ્રગતિ કરી છે અને કોંગ્રેસ આ 'બેટન' (નાની અને હળવી લાકડી)ને છોડી દીધી છે, તેથી જ વિજયને તે ઉઠાવવી જોઈએ. તેમણે કહ્યું છે કે, તેઓ ગાંધીવાદી અને રાજીવવાદી છે, પરંતુ રાહુલવાદી નથી. તેમણે રાહુલ ગાંધી પર કટાક્ષ કર્યો છે કે, તેઓ ભૂલી ગયા કે, ઐય્યર પાર્ટીના સભ્ય છે. અય્યરને ડૉ. આંબેડકરના જીવનનો પણ ઉલ્લેખ કર્યો છે. તેમણે કહ્યું કે, આજે કે. સી. વેણુગોપાલને મોટી જવાબદારી સોંપવામાં આવી છે, કોંગ્રેસે પવન ખેડા જેવા વ્યક્તિને સત્તાવાર પ્રવક્તા બનાવીને રાખ્યા છે. આખરે પાર્ટી આટલી મોટી મૂર્ખામી કેવી રીતે કરી શકે, તેઓ તો માત્ર કઠપૂતળી છે. અય્યરે ખાસ કરીને પવન ખેડા પર આકરા પ્રહારો કરતાં તેમને પાર્ટીની 'કઠપૂતળી' ગણાવ્યા હતા. તેમણે ટીકા કરતાં કહ્યું કે, 'ખેડા કોઈ વાસ્તવિક પ્રવક્તા નથી પરંતુ એક હતાશ પૂર્વ અધિકારી છે, જે છેલ્લા બે વર્ષથી તેમને અપશબ્દો કહી રહ્યા છે.' આ ઉપરાંત, તેમણે શશિ થરૂરને 'પાકિસ્તાન વિરોધી' ગણાવીને એવો કટાક્ષ કર્યો હતો કે થરૂરની મહત્ત્વાકાંક્ષા આગામી વિદેશ મંત્રી બનવાની છે, જ્યારે જયરામ રમેશ માત્ર પોતાનો હોદ્દો કે નોકરી બચાવવા માટે જ મથામણ કરી રહ્યા છે.ઐય્યરના નિવેદન બાદ કોંગ્રેસની પ્રતિક્રિયા સામે આવી છે. કોંગ્રેસના પ્રવક્તા પવન ખેડાએ કહ્યું છે કે, અનુભવી નેતા ઐય્યરનો ઘણા સમયથી પાર્ટી સાથે કોઈ સંબંધ નથી, તેઓ સંપૂર્ણ વ્યક્તિગત બોલે છે અને લખે છે. આ ઉપરાંત કોંગ્રેસ મહાસચિવ જયરામ રમેશે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પવન ખેડીની પોસ્ટને રિપોસ્ટ કરતાં લખ્યું છે કે, 'કોઈ શંકા કરવાની જરૂર નથી, કેરળની પ્રજા જવાબદાર શાસન માટે યુડીએફને ફરી સત્તામાં લાવશે. તેઓ જાણે છે કે, એલડીએફ અને ભાજપ સિક્રેટ પાર્ટનર છે.'

### ૧૫ દિવસમાં ૧૨ લોકોના મોત

# હરિયાણાના છયાંસા ગામમાં ફેલાઈ રહી છે એક રહસ્યમય બિમારી

## અચાનક થયેલા મૃત્યુથી સમગ્ર ગામમાં ભયનું વાતાવરણ

(સંપૂર્ણ સમાચાર સેવા)ચંદીગઢ

હરિયાણાના પલવલ જિલ્લાના છયાંસા ગામના લોકો માટે એક રહસ્યમય બીમારી ચિંતાનું કારણ બની ગઈ છે. છેલ્લા ૧૫ દિવસમાં ૧૨ લોકોના મોત થયા છે. તેમાં બાળકો, યુવાનો અને વૃદ્ધોનો સમાવેશ થાય છે. અચાનક થયેલા મૃત્યુથી સમગ્ર ગામમાં ભયનું વાતાવરણ સર્જાયું છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ, શરૂઆતમાં કેટલાક લોકોએ ખૂબ તાવ, ઉધરસ, ઉલટી, શરીરમાં દુખાવો અને નબળાઈની ફરિયાદ કરી હતી. કેટલાક દર્દીઓની હાલત એટલી બગડી ગઈ કે તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, પરંતુ તેમના જીવ બચાવી શકાયા નહીં. આશ્ચર્યજનક રીતે, થોડા દિવસોમાં ઘણા લોકો ગંભીર રીતે બીમાર પડી ગયા. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, આરોગ્ય વિભાગની ટીમો ગામમાં કેમ્પ લગાવીને તપાસ કરી રહી છે. અત્યાર સુધીમાં ૪૦૦થી વધુ લોકોની તપાસ કરવામાં આવી છે, અને આશરે ૩૦૦ લોકોના લોહીના નમૂના લેવામાં આવ્યા છે. પ્રારંભિક ટેસ્ટિંગમાં બે લોકોમાં હેપેટાઈટિસ બી અને હેપેટાઈટિસ સીની પુષ્ટિ થઈ છે, પરંતુ ડોકટરો કહે છે કે આ બધા મોતના કારણ સમજાતા નથી. આરોગ્ય અધિકારીઓએ ગામના પીવાના પાણીના નમૂના પણ પરીક્ષણ માટે મોકલ્યા છે. પરીક્ષણોમાં ઘણા ઘરોમાં પાણીમાં બેક્ટેરિયા અને ક્લોરિનનું પ્રમાણ ઓછું હોવાનું બહાર આવ્યું છે. આ ચિંતા ઉભી કરે છે કે દૂષિત પાણી રોગનું મુખ્ય કારણ હોઈ શકે છે. ચાયંસા ગામના લોકો વિવિધ સ્રોતોમાંથી પાણીનો ઉપયોગ કરે છે. કેટલાક પાસે સરકારી પુરવઠો છે, અન્ય પાસે ટેન્કર અને RO પાણી છે. ઘણા ઘરોમાં, પાણી લાંબા સમય સુધી ટાંકીઓમાં સંગ્રહિત થાય છે, જેનાથી ચેપનું જોખમ વધે છે. આરોગ્ય વિભાગે ઘણી તબીબી ટીમો તૈનાત કરી છે. ગંભીર સ્થિતિમાં દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી રહ્યા છે, અને અન્ય લોકોને સ્વચ્છ પાણી પીવા, ઉકાળેલું પાણી વાપરવા અને સારી સ્વચ્છતા જાળવવાની સલાહ આપવામાં આવી છે. વહીવટીતંત્ર કહે છે કે મૃત્યુનું ચોક્કસ કારણ નક્કી કરવા માટે તપાસ ચાલી રહી છે. ગામની પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે જેથી કોઈ બેદરકારી ન થાય અને જીવ બચાવી શકાય.

### મામલે સીધો સુપ્રીમમાં આવતા કોર્ટ ચિંતિત

# આસામના મુખ્યમંત્રી વિરુદ્ધ હેટ સ્પીચ મામલે થયેલી અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ તાજેતરમાં જ એક મોટો વિવાદ ઉભો કર્યો હતો. આસામ ભાજપે સરમાનો રાયફલ સાથેનો અને બે લોકો પર ગોળી ચાલતો એક વીડિયો શેર કર્યો હતો. ત્યારે આ મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યા બાદ કોંગ્રેસ તમામ અરજીઓ સાંભળવાનો ઈનકાર કરી દીધો છે. કોંગ્રેસ તમામ અરજદારોને પહેલા ગુવાહાટીની હાઈકોર્ટમાં અરજી કરવાનો નિર્દેશ આપ્યો છે.મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જૉયમાલ્યા બાગચી અને ન્યાયાધીશ નિપુલ એમ.પંચોલીની બેંચે કહ્યું કે, દરેક ચૂંટણી વિવાદ સીધો જ સુપ્રીમ કોર્ટમાં લઈ જવો, તે એક ચિંતાજનક બાબત બની ગઈ છે. કોર્ટે ટિપ્પણી કરી છે કે, તમે ગુવાહાટી હાઈકોર્ટમાં કેમ ન ગયા? તમે હાઈકોર્ટની સત્તાને ઓછી ન આંકો. સાથે જ કોંગ્રેસે હુવાહાટી હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશને આ મામલાની ઝડપી સુનાવણી કરવા વિનંતી કરી છે.



આસામના મુખ્યમંત્રી હેટ સ્પીચ કેસમાં વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ દલીલ કરી હતી કે, મુખ્યમંત્રી વારંવાર વિવાદાસ્પદ નિવેદન આપતા રહે છે, તેથી સુપ્રીમ કોર્ટે કેસને ગંભીરતાથી લઈ અને તેમાં હસ્તક્ષેપ કરવો જોઈએ. સુપ્રીમ કોર્ટે ચિંતા વ્યક્ત કરીને કહ્યું કે, કેરળની આગામી વિધાનસભા ચૂંટણીને લઈ અનેક રાજકીય મુદ્દાઓ કોર્ટ સુધી પહોંચી રહ્યા છે, જે યોગ્ય નથી. કોર્ટે પક્ષકારોને બંધારણની મર્યાદા જાળવવા અને સંયમ રાખવાની સલાહ આપી છે. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટમાં જવાનો નિર્દેસ આપતા હવે અરજદારો પોતાની અરજી દાખલ કરી શકશે. આ મામલે ગુવાહાટી કોર્ટમાં કાર્યવાહી હાથ ધરાશે. જોકે, આ વીડિયોને હવે ડિલીટ કરી દેવાયો છે. વીડિયોમાં કથિત રીતે સરમા એક રાઈફલથી નિશાન તાકતા નજરે પડી રહ્યા છે અને બે લોકો પર ગોળી ચલાવતા પણ દેખાઈ રહ્યા હતા - એકે ટોપી પહેરી હતી અને બીજાએ દાઢી રાખી હતી - અને કેપ્શનમાં લખ્યું હતું 'પોઈન્ટ-બ્લેક શૉટ.' આસામ ભાજપે વીડિયોને X પર પોસ્ટ કર્યો હતો, પરંતુ વિવાદ વધતાં તેને હટાવી દેવાયો છે.

# ધોરણ-૧૦ની CBSE બોર્ડની પહેલી પરીક્ષા આપવી ફરજિયાત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન(CBSE)એ ધોરણ ૧૦ના બોર્ડના વિદ્યાર્થીની બોર્ડની પરીક્ષાને લઈને અપડેટ્સ આપી છે. જેમાં બોર્ડે જણાવ્યું છે કે, પહેલી બોર્ડની પરીક્ષામાં ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓએ ફરજિયાત ઉપસ્થિત રહેવું પડશે. આમ, જો કોઈ વિદ્યાર્થી બોર્ડની પરીક્ષામાં ઓછામાં ઓછા ત્રણ વિષયમાં હાજર નહીં રહે તો તેને કમ્પલસરી રિપિટેશન કેટેગરીમાં રાખવામાં આવશે. CBSE ૨૦૨૬ ધોરણ ૧૦ માટે બે બોર્ડની પરીક્ષાની વ્યવસ્થા લાગુ કરવા જઈ રહ્યું છે. CBSE જણાવ્યું કે, કેટલાક વિદ્યાર્થીઓને પહેલી તબક્કાની પરીક્ષામાં સામેલ થવામાં સમસ્યા ઉભી થઈ શકે છે. આવા વિદ્યાર્થીને પહેલી પરીક્ષા આપવી આવશ્યક છે, જેથી બીજી પરીક્ષા માટે યોગ્યતા અને પરિણામ વ્યવસ્થિત રીતે નક્કી કરી શકે.

CBSEને કેટલાક વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા અપીલ કરવામાં આવી હતી કે, તેઓ કોઈ કારણોસર ધોરણ ૧૦ની બોર્ડની પહેલી પરીક્ષામાં આપી નહીં શકે એટલાં માટે તેઓને બીજી બોર્ડની પરીક્ષામાં બેસવા માટે અનુમતિ આપવામાં આવે.

ત્રણ વિષયમાં સુધારાની તક: પહેલી પરીક્ષા પાસ કરી ચૂકેલા વિદ્યાર્થીઓ વિષયમાં સારુ પ્રદર્શન કરવા માટે ત્રણ મુખ્ય વિષય(વિજ્ઞાન, ગણિત, સામાજિક વિજ્ઞાન, ભાષાના વિષય)માં બેસી શકશે. પરીક્ષામાં હાજર ન રહેનારા વિદ્યાર્થી માટેના નિયમ: જે વિદ્યાર્થીઓ પહેલી બોર્ડની પરીક્ષામાં ત્રણ અથવા તેનાથી વધુ વિષયમાં હાજર નથી રહેતાં તો તેઓને બીજી પરીક્ષામાં બેસવાની અનુમતિ નહીં મળે. આવા વિદ્યાર્થીઓને કમ્પલસરી રિપિટેશન કેટેગરીમાં રાખવામાં આવશે. ત્યારબાદ આ વિદ્યાર્થીઓ આગામી ફેબ્રુઆરીમાં થનારી મુખ્ય પરીક્ષામાં બેસી શકશે.

કમ્પાર્ટમેન્ટ વિદ્યાર્થી માટે: જે વિદ્યાર્થીઓનું પરિણામ પહેલી પરીક્ષામાં કમ્પાર્ટમેન્ટ હશે, તેઓને એજ કેટેગરી હેઠળ બીજી પરીક્ષામાં બેસવાની મંજૂરી આપવામાં આવશે.

વધુ પડતાં વિષય પર પ્રતિબંધ: ધોરણ ૧૦માં પાસ થયા બાદ વિદ્યાર્થીઓ કોઈપણ વધુ પડતાં વિષયમાં પરીક્ષા આપી નહીં શકે.

કમ્પાર્ટમેન્ટ + સુધારો: જે વિદ્યાર્થીઓના વિષયો કમ્પાર્ટમેન્ટમાં છે અને તેમને સુધારાની જરૂર છે તેઓ બંને કેટેગરી હેઠળ પરીક્ષા આપી શકે છે.

વિષય બદલવાનો સુધારો: જે વિદ્યાર્થીઓ પહેલાથી જ એક વિષયમાં પાસ થઈ ગયા છે, પરંતુ બીજા વિષયમાં સુધારો કરવા માંગે છે તેઓ વિષય બદલી શકશે.

# અમેરિકા-ઈરાન વાતચીત કરે એ પહેલાં જ ઈઝરાયલે મૂકી શરત!

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ રવિવારે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની તેમની તાજેતરની મુલાકાતનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, વોશિંગ્ટન અને તેહરાન વચ્ચેના કોઈપણ સંભવિત પરમાણુ કરારમાં ઈરાનના પરમાણુ માળખાને સંપૂર્ણપણે નષ્ટ કરવું અનિવાર્ય હોવું જોઈએ.

તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, માત્ર યુરેનિયમ સંવર્ધન પ્રક્રિયાને અટકાવવી પૂરતી નથી, પરંતુ સંવર્ધનની મંજૂરી આપતા તમામ સાધનો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને જડમૂળથી ખતમ કરવા જરૂરી છે.નેતન્યાહુએ અમેરિકન યહૂદી સંગઠનોના સંમેલનમાં જણાવ્યું કે, ઈરાન સાથેના કોઈપણ કરારમાં માત્ર સંવર્ધન રોકવું પૂરતું નથી, પરંતુ તેના તમામ પરમાણુ સાધનો અને માળખાનો નાશ કરવો અનિવાર્ય છે. તેમને આ પ્રસ્તાવિત કરાર પર શંકા છે અને તેઓ ઈરાનમાંથી તમામ સંવર્ધિત સામગ્રી બહાર ખસેડવાના પક્ષમાં છે.બીજી તરફ, આ અઠવાડિયે અમેરિકા અને ઈરાન વચ્ચે બીજા તબક્કાની મંત્રણા યોજાવાની છે. ઈરાન આર્થિક લાભ મેળવવા માટે આ વિવાદ ઉકેલવા આતુર છે. જોકે, તણાવ હજુ યથાવત છે; રોયટર્સ મુજબ, ટ્રમ્પ પ્રશાસને સાવચેતીના ભાગરૂપે આ વિસ્તારમાં બીજું એરક્રાફ્ટ કેરિયર તૈનાત કર્યું છે, જેથી જો વાતચીત નિષ્ફળ જાય તો સૈન્ય કાર્યવાહી માટે તૈયાર રહી શકાય.

ઈરાનની ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર, વિદેશ મંત્રાલયના આર્થિક રાજદ્વારી નાયબ નિયામક હામિદ ઘનબરીએ જણાવ્યું હતું કે, કોઈપણ કરાર લાંબો સમય ટકી રહે તે માટે જરૂરી છે કે અમેરિકાને પણ એવા ક્ષેત્રોમાં ફાયદો મળે જ્યાંથી ઝડપી આર્થિક લાભ મેળવી શકાય. ઘનબરીએ કહ્યું કે તેલ અને ગેસ ક્ષેત્રોમાં સહિયારા હિતો, માઈનિંગ ઈન્વેસ્ટમેન્ટ અને વિમાનની ખરીદી જેવા મુદ્દાઓ પણ અમેરિકા સાથેની વાતચીતમાં સામેલ છે.જોકે ઈરાનના આ નરમ વલણથી બંને દેશો વચ્ચેના તણાવમાં થોડો ઘટાડો થયો છે, પરંતુ બીજી તરફ ઈરાનના દેશનિકાલ કરાયેલા યુવરાજ રઝા પહલવીએ તેહરાનમાં સત્તા પરિવર્તનની માંગ સાથે વિશ્વના મુખ્ય શહેરોમાં મોટા પાયે વિરોધ પ્રદર્શનોનું આહવાન કર્યું છે. આ આહવાન ખાસ કરીને આર્થિક સંકટને લઈને હાલમાં જ ઈરાનમાં શાસન વિરુદ્ધ થયેલા વિરોધ પ્રદર્શનો પર લેવામાં આવેલી કડક કાર્યવાહીના જવાબમાં કરવામાં આવ્યું છે.


નવસર્જન સંસ્કૃતિ
ગુજરાતી

JioTV
CHENNAL NO. 3048

TATA PLAY
CHENNAL NO. 2119

Jio Air Fiber
Jio Tv +
Jio Fiber
Daily Hunt
ebaba Tv
Dish Plus
DTH live OTT
Rock TV
Airtel
Amezone Fire
Rocu Tv-US.UK

દેશ-દુનિયાના મહત્વપૂર્ણ સમાચારોની
માહિતી મેળવવા માટે આજે જ
નવસર્જન સંસ્કૃતિ ગુજરાતી ચેનલ નિહાળો

# તંત્રી લેખ......

## વેપાર કરારોથી આગળના પડકારો

વિશ્વમાં એવો કોઈ દેશ નથી જે ફક્ત વેપાર વિના આત્મનિર્ભરતાના બળ પર આર્થિક મહાસત્તા બન્યો હોય. આર્થિક ઈતિહાસકાર એંગસ મેડિસનના મતે, ભારત પણ વેપાર દ્વારા આર્થિક મહાસત્તા બન્યું. તેનું અર્થતંત્ર વિશ્વના અર્થતંત્રના એક ચતુર્થાંશથી વધુ થઈ ગયું, જેના કારણે તેને "સોનેરી પક્ષી" ઉપનામ મળ્યું. આધુનિક યુગમાં, બ્રિટનથી યુનાઈટેડ સ્ટેટ્સ સુધીનો દરેક દેશ વેપાર દ્વારા આર્થિક મહાસત્તા બન્યો છે, અને હવે ચીન પણ તે જ માર્ગ પર છે.

અમેરિકન અને યુરોપિયન બજારોમાં પોતાનું વર્ચસ્વ સ્થાપિત કર્યા પછી, તેણે સંરક્ષણવાદના અવરોધો ઉભા થયા તે પહેલાં જ વેપાર કરારો દ્વારા તેના માલ માટે નવા બજારો ખોલવાનું શરૂ કર્યું. ચાર વર્ષ પહેલાં હસ્તાક્ષર કરાયેલ ઈઝઈ, અથવા પ્રાદેશિક વ્યાપક આર્થિક ભાગીદારી કરાર, આ વલણ તરફ એક પગથિયું હતું, જેમાં ચીન અને જાપાનથી લઈને ન્યુઝીલેન્ડ સુધીના ૧૫ દેશોનો સમાવેશ થતો હતો.

મુક્ત વેપાર કરારો પરસ્પર વેપાર વધારવા અને આર્થિક મહાસત્તા બનવાનો માર્ગ મોકળો કરે છે. ભારતે પણ યુરોપ સાથે કરાર કરીને અને યુનાઈટેડ સ્ટેટ્સ સાથે તેના માળખાને અંતિમ સ્વરૂપ આપીને સમાન માર્ગ ખોલ્યો છે. યુનાઈટેડ સ્ટેટ્સ અને યુરોપ પહેલાં, તેણે છજીઈછદ્ગ, જાપાન, યુનાઈટેડ કિંગડમ, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ કોરિયા, સિંગાપોર, ઓમાન, મોરેશિયસ અને યુરોપિયન મુક્ત વેપાર સંગઠનના ચાર સભ્યો સાથે વેપાર કરારો પર હસ્તાક્ષર કર્યા હતા.

ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ સાથે વેપાર કરાર માટે વાટાઘાટો ચાલી રહી છે. પૂર્ણ થયા પછી, વિશ્વના જીડીપીના ૬૦ ટકાથી વધુનું પ્રતિનિધિત્વ કરતા બજારો ભારત માટે ખુલશે. આ પરિવર્તન એવા દેશ માટે પરિવર્તનથી ઓછું નથી જેણે ૪૦ વર્ષના સંરક્ષણવાદથી તેની અર્થવ્યવસ્થાને નાદાર બનાવી દીધી છે.

એ પણ સાચું છે કે ફક્ત વેપાર કરારો અને મુખ્ય બજારોમાં પ્રવેશ કોઈ દેશને વ્યાપારી અને આર્થિક મહાસત્તા બનાવી શકતા નથી. આ હાંસલ કરવા માટે, ઉચ્ચ ગુણવત્તાવાળા માલનું ઉત્પાદન અને આકર્ષક ભાવે વેચાણ કરવું આવશ્યક છે. ઉદ્યોગો સ્થાપિત કરવા માટે લાઈસન્સ રાજ અને અમલદારશાહીના બંધનો હળવા કરવા આવશ્યક છે. જાહેર અને ખાનગી બંને ક્ષેત્રોમાં તેમજ એવા ક્ષેત્રોમાં સંશોધન, વિકાસ અને નવીનતા વધારવી આવશ્યક છે જ્યાં દેશ અન્ય કરતા આગળ છે.

મૂડી સુલભ બનાવવી આવશ્યક છે અને માળખાગત સુવિધાઓમાં સુધારો કરવો આવશ્યક છે. આ પગલાંથી ચીન ટ્રમ્પના ટેરિફ યુદ્ધ દરમિયાન પણ ભારતના ર્ઙ્ક કરતા દોઢ ગણો વેપાર કરી શક્યું છે. આજે, વિશ્વ વેપારમાં ભારતનો હિસ્સો ફક્ત ૩.૫ ટકા છે, જ્યારે ચીનનો હિસ્સો લગભગ ૧૪ ટકા છે. તેના પરાકાષ્ઠાના સમયમાં, વિશ્વ વેપારમાં ભારતનો હિસ્સો લગભગ ૩૦ ટકા હતો.

તાજેતરમાં, બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટાર્મરની ચીન મુલાકાત દરમિયાન, એક બ્રિટિશ સાયકલ ઉત્પાદકને પૂછવામાં આવ્યું કે ચીન અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે વ્યવસાય કરવાનું ક્યાં સરળ છે. તેમણે તરત જ જવાબ આપ્યો, "ચીન," જ્યાં થોડા અઠવાડિયામાં વ્યવસાય શક્ય છે અને વેપાર નીતિ વિશે નિશ્ચિતતા છે. મોટા પાયે વિદેશી મૂડી આકર્ષવા માટે ભારતે પણ વ્યવસાયોમાં સમાન વિશ્વાસ જગાડવાની જરૂર પડશે.

કેન્દ્ર સરકાર અને રાજ્યોની સક્રિય અને સકારાત્મક ભાગીદારી વિના આ શક્ય બનશે નહીં, કારણ કે ઉદ્યોગોને જમીન, કામદારો, વીજળી અને માળખાગત સુવિધાઓની જરૂર હોય છે, જે બધા રાજ્યોના અધિકારક્ષેત્રમાં આવે છે જે રોકાણ આકર્ષવા માટે એકબીજા સાથે સ્પર્ધા કરવાને બદલે, અવરોધો ઉભા કરે તેવી શક્યતા વધુ હોય છે.વેપાર કરાર કરીને, ભારતે અમેરિકા, યુરોપ, જાપાન અને રશિયા જેવા વિશ્વના સમૃદ્ધ બજારો માટે દરવાજા ખોલી નાખ્યા છે. જોકે, તેના માલની માંગ વધારવા માટે, તેણે તેની ગુણવત્તામાં સતત સુધારો કરવો પડશે અને આકર્ષક ભાવે વેચવું પડશે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાનો વાયદો ઘટીને રૂ.૧.૫૪ લાખ અને ચાંદીનો વાયદો ઘટીને રૂ.૨.૩૫ લાખને સ્પર્શ્યોઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૮ ઢીલો

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૮૩૨૩.૦૮ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૫૯૫૪૨.૦૨ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૩૯૧૨.૪૨ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૮૦૧૦ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૭૭૮૬૬.૪૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૮૩૨૩.૦૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૫૯૫૪૨.૦૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૮૦૧૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૩૦૪.૫૫ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૩૯૧૨.૪૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૪૯૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૫૫૫૦ અને નીચામાં રૂ.૧૫૪૧૨૫ના મથાળે અથડાઈ, રૂ.૧૫૫૮૯૫ના આગલા બંધ સામે રૂ.૫૫૮ ઘટી રૂ.૧૫૫૩૩૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૭૦ ઘટી રૂ.૧૨૬૫૨૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૧ ઘટી રૂ.૧૫૮૭૭ના ભાવે બોલાયો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૦૦ ઘટી રૂ.૧૫૩૪૭૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૪૫૬૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૫૯૦૦ અને નીચામાં રૂ.૧૫૪૪૦૧ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૬૧૨૨ના આગલા બંધ સામે રૂ.૪૭૨ ઘટી રૂ.૧૫૫૬૫૦ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૩૮૪૮૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૪૧૪૫૨ અને નીચામાં રૂ.૨૩૫૨૦૮ના મથાળે અથડાઈ, રૂ.૨૪૪૩૬૦ના આગલા બંધ સામે રૂ.૩૭૬૦ ઘટી રૂ.૨૪૦૬૦૦ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૫૧૧૪ ઘટી રૂ.૨૪૪૪૬૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૫૨૩૫ ઘટી રૂ.૨૪૪૩૫૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૪૨૦.૫૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ફેબ્રુઆરી વાયદો રૂ.૮.૪ ઘટી રૂ.૧૨૦૧.૧ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી વાયદો રૂ.૧.૭ ઘટી રૂ.૩૨૧.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો ૪૫ પૈસા ઘટી રૂ.૩૦૮.૮ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ફેબ્રુઆરી વાયદો ૭૦ પૈસા વધી રૂ.૧૮૮.૨ના સ્તરે પહોંચ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૮૯૭.૭૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ફેબ્રુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૪૪૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૫૦૦ અને નીચામાં રૂ.૩૪૦૨ના મથાળે અથડાઈ, રૂ.૧૧ વધી રૂ.૩૪૨૯ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૭૦૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૭૨૪ અને નીચામાં રૂ.૫૬૬૯ના સ્તરને સ્પર્શી, રૂ.૫૭૨૩ના આગલા બંધ સામે રૂ.૮ ઘટી રૂ.૫૭૧૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૬ ઘટી રૂ.૫૭૧૬ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૨૨.૪ ઘટી રૂ.૨૭૧.૭ થયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૨૨.૫ ઘટી રૂ.૨૭૧.૭ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૬૮ના ભાવે ખૂલી, ૮૦ પૈસા ઘટી રૂ.૯૬૫.૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૬૦૮ના ભાવે ખૂલી, રૂ.૧ ઘટી રૂ.૨૫૯૬ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૭૧૧૮.૧૦ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૬૭૯૪.૩૧ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ. ૧૯૭૯.૨૬ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૬૨.૧૦ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૩૦.૦૩ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૩૯.૧૭ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૭.૪૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૬૨૪.૦૮ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૨૫૬.૨૦ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૧.૪૦ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૪૭ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૮૯૧૨ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૨૫૪૩ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૩૨૩૯૪ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૩૦૫૧૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૫૮૫૨૬ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૮૩૦૩ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૯૩૦૯ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૬૪૫૨૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૫૩૨ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૯૬૦૫ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૪૭૩૨ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૭૭૦૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૮૧૨૨ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૭૧૦૧ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૬૫ પોઈન્ટ ઘટી ૩૮૦૧૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૫.૩ ઘટી રૂ.૮૨.૭ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧૫.૧ ઘટી રૂ.૧૩.૫૫ થયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮૩ ઘટી રૂ.૪૯૧ થયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૨૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૭૯૫ ઘટી રૂ.૧૨૩૪૦.૫ થયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫.૭૩ ઘટી રૂ.૨૩.૫૩ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૧૨ પૈસા ઘટી રૂ.૦.૬૫ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૧ ઘટી રૂ.૬૬.૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૬.૩૫ વધી રૂ.૧૧.૫ના ભાવે બોલાયો હતો. સોનું ફેબ્રુઆરી રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ ૫૦ પૈસા વધી રૂ.૬૫૯ થયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૯૭.૫ ઘટી રૂ.૧૯૦૫.૫ના ભાવે બોલાયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૫૧ વધી રૂ.૫.૮૬ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૫૩ પૈસા ઘટી રૂ.૩.૪ થયો હતો.

## જામનગરના નવા ફ્લાયઓવર પર બાઈક સવારનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર શહેરમાં નવા બનેલા ફ્લાયઓવર બ્રિજ પર શિવરાત્રીની મોડી રાત્રે અકસ્માતમાં યુવકનું મોત નીપજ્યુ હતું.. સૌરાષ્ટ્રના સૌથી મોટા ગણાતા આ નવા બ્રિજ પર નોંધાયેલો આ પ્રથમ જીવલેણ અકસ્માત હોવાનું જાણવા મળે છે.

મૃતક યુવાનની ઓળખ દિનેશ વેલજીભાઈ રાઠોડ (ઉંમર ૨૧), રહેવાસી ખેતીવાડી ફાર્મ શેરી નં. ૮, જામનગર તરીકે થઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર દિનેશ પોતાનું બાઈક (નં. GJ ૧૦ CA ૬૬૭૫) લઈને ઓવરસ્પીડમાં નવા ફ્લાયઓવર પરથી પસાર થઈ રહ્યો હતો.

અકસ્માત સુભાષ બ્રિજ નજીક, ફોરેસ્ટ ઓફિસના ગેટ પાસે નવા પુલના ઉપરના ભાગે ડાબી બાજુએ બન્યો હતો. ઓવરસ્પીડના કારણે બાઈકનું સંતુલન બગડતા તે પુલની આરસીસી દીવાલ સાથે જોરદાર અથડાયું હતું. અથડામણ એટલી ગંભીર હતી કે દિનેશ બાઈક સાથે નીચે પટકાયો હતો.

આ અકસ્માતમાં દિનેશને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જોકે, ટૂંકી સારવાર દરમિયાન ડોક્ટરોએ તેને મૃત (Dies) જાહેર કર્યો હતો. ઘટનાની જાણ મૃતકના પિતા વેલજીભાઈ દેવાભાઈ રાઠોડે પોલીસને કરી હતી.

## આજવા-વાઘોડિયા રોડ પર સોફાના ગોડાઉનમાં ભીષણ આગ લાગી

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરાના આજવા-વાઘોડિયા રિંગ રોડ વિસ્તારમાં આજે એકાએક આગની ઘટના બનતા અફરાતફરી મચી ગઈ હતી. અહીં આવેલા એક સોફાના ગોડાઉનમાં અગમ્ય કારણોસર ભીષણ આગ ફાટી નીકળી હતી. આગ એટલી વિકરાળ હતી કે જોતજોતામાં આખું ગોડાઉન લપેટમાં આવી ગયું હતું અને આકાશમાં ધુમાડાના કાળા ગોટેગોટા જોવા મળ્યા હતા. આજવા-વાઘોડિયા રિંગ રોડ પર આવેલા સોફા બનાવવાના એક ગોડાઉનમાંથી આજે અચાનક ધુમાડો નીકળતો સ્થાનિકોના નજરે પડ્યો હતો. હજુ તો લોકો કંઈ સમજે તે પહેલા જ આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ગોડાઉનમાં સોફા બનાવવાનો કાચો માલ, લાકડું અને ફોમ જેવી જ્વલનશીલ વસ્તુઓ હોવાને કારણે આગ ઝડપથી ફેલાઈ હતી. આ દ્રશ્યો જોઈને આસપાસના રહીશો અને દુકાનદારોમાં ભયનો માહોલ ફેલાયો હતાઘટના અંગે તાત્કાલિક વડોદરા ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. બનાવની ગંભીરતાને જોતા ફાયર ફાઈટરોની ટીમ કાફલા સાથે ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર જવાનોએ પાણીનો સતત મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.

## ભાવનગર મંડળથી પસાર થતી ભાવનગર—ધોળા અને બોટાદ—ગાંધીગ્રામ સ્પેશિયલ ટ્રેનોના ફેરા વિસ્તૃત

યાત્રિયોની સુવિધા માટે પશ્ચિમ રેલવે દ્વારા ભાવનગર મંડળથી પસાર થતી બે જોડી ‘‘સ્પેશિયલ ટ્રેનો’’ના ફેરા વિસ્તૃત કરવામાં આવ્યા છે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠી મુજબ ટ્રેનોની વિગતો નીચે મુજબ છેઃ—

૧. ટ્રેન નંબર ૦૯૨૧૨/૦૯૨૧૧ બોટાદ—ગાંધીગ્રામ—બોટાદ દૈનિક સ્પેશિયલ (અનારક્ષિત)

ટ્રેન નંબર ૦૯૨૧૧ ગાંધીગ્રામ—બોટાદ સ્પેશિયલ, જેને અગાઉ ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, તેને હવે ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી વિસ્તૃત કરવામાં આવી છે. એ જ રીતે, ટ્રેન નંબર ૦૯૨૧૨ બોટાદ—ગાંધીગ્રામ સ્પેશિયલ, જેને અગાઉ ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, તેને પણ હવે ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી વિસ્તૃત કરવામાં આવી છે.

૨. ટ્રેન નંબર ૦૯૫૨૯/૦૯૫૩૦ ધોળા—ભાવનગર—ધોળા દૈનિક સ્પેશિયલ (અનારક્ષિત)

ટ્રેન નંબર ૦૯૫૨૯ ધોળા—ભાવનગર સ્પેશિયલ, જેને અગાઉ ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, તેને હવે ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી વિસ્તૃત કરવામાં આવી છે. એ જ રીતે, ટ્રેન નંબર ૦૯૫૩૦ ભાવનગર—ધોળા સ્પેશિયલ, જેને અગાઉ ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, તેને પણ હવે ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી વિસ્તૃત કરવામાં આવી છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

## વડોદરા મંડળ દ્વારા ડ્રોન આધારિત લાઈવ-લાઈન ઓએચઈ મોનિટરિંગનું સફળ પરીક્ષણ

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા તાજેતરમાં પ્રતાપનગર યાર્ડ ખાતે ડ્રોન આધારિત લાઈવ-લાઈન ઓવરહેડ ઈક્વિપમેન્ટ (ઓએચઈ) મોનિટરિંગ અને નિરીક્ષણ પ્રણાલીનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે. વડોદરા મંડળના મંડલ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકેના કુશળ નેતૃત્વ હેઠળ ટ્રેક્શન વિતરણ વિભાગની આ પહેલ રેલવે સુરક્ષા અને આધારભૂત સંરચનાની વિશ્વસનીયતાને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલા પ્રેસ વિજ્ઞપ્તિ અનુસાર, આ અદ્યતન ડ્રોન પ્રણાલી દ્વારા રેલ ટ્રાફિકને અસર કર્યા વગર ઓએચઈનું નિરીક્ષણ કરી શકાય છે. ડ્રોનમાં ઉચ્ચ ગુણવત્તાવાળો થર્મલ કેમેરો પણ સ્થાપિત છે, જે ઓવરહીટિંગ, ઢીલા સંપર્ક, સંરેખણ એલાઈનમેન્ટમાં ખામી તથા અન્ય સંભવિત ટેક્નિકલ ખામીઓનું ચોક્કસપણે નિદાન કરવામાં સક્ષમ છે. આ પહેલ વિશે વરિષ્ઠ મંડલ વિદ્યુત એન્જિનિયર (ટ્રેક્શન વિતરણ) શ્રી નલિન લોચન ગુપ્તાએ જણાવ્યું કે આ ડ્રોનની માઈક્રો ઓપરેશનલ રેન્જ ૫ કિલોમીટર છે અને તેની બેટરી બેકઅપ લગભગ ૪૦ મિનિટ છે. તેમાં થર્મલ કેમેરા સાથે લાઈવ-લાઈન મોનિટરિંગ થર્મલ ઈમેજિંગ ટેક્નોલોજીના ઉપયોગથી એવા દોષોની પણ સમયસર ઓળખ કરી શકાય છે, જે સામાન્ય નિરીક્ષણમાં નજરે પડતા નથી. આથી ઓએચઈ પેટ્રોલિંગની ચોકસાઈ અને અસરકારકતામાં નોંધપાત્ર વધારો થશે.

આ પહેલ પશ્ચિમ રેલવેની તે પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે, જેના અંતર્ગત આધુનિક ટેક્નોલોજી અપનાવી સંરક્ષા ધોરણોને વધુ મજબૂત બનાવવામાં આવી રહ્યા છે. ડ્રોન આધારિત મોનિટરિંગ પ્રણાલી દ્વારા દોષમુક્ત ‘ઁઈ સુનિશ્ચિત કરવા, મેન્યુઅલ નિરીક્ષણ સાથે જોડાયેલા જોખમોને ઘટાડવા અને કામગીરીની વિશ્વસનીયતા વધારવામાં મદદ મળશે. વડોદરા મંડળ સુરક્ષિત, કાર્યક્ષમ અને આધુનિક રેલવે સંચાલન માટે સતત પ્રયત્નશીલ છે.

## ભાવનગર મંડળના ૦૪ કર્મચારીઓને ડીઆરએમ સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા



ભાવનગર રેલવે મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ (સોમવાર)ના રોજ ભાવનગર પરા સ્થિત મંડળ રેલ પ્રબંધક કચેરી ખાતે સુરક્ષિત રેલ સંચાલનમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ ચાર કર્મચારીઓને ડીઆરએમ સંરક્ષા પુરસ્કાર (DRM Safety Award)થી સન્માનિત કર્યા. આ કર્મચારીઓએ જાન્યુઆરી—ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમિયાન સતર્કતા તથા તાત્કાલિક કાર્યવાહી દ્વારા સંભવિત અકસ્માતોને અટકાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

સન્માનિત કર્મચારીઓમાં કપિલ બર્મા (સ્ટેશન માસ્ટર—પોરબંદર), રામ પ્રસાદ મીણા (કાંટેવાળા—ભાવનગર ટર્મિનસ), રાજ કુમાર (પોઈન્ટસમેન—સિહોર જંકશન) અને રાજુ શામજી મકવાણા (કાંટેવાળા—રાણાવાવ)નો સમાવેશ થાય છે.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે મંડળ રેલ પ્રબંધકે પુરસ્કાર પ્રાપ્ત કરનાર કર્મચારીઓની સતર્કતાની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે તેઓ બધા અનુસરણયોગ્ય આદર્શ છે. કર્મચારીઓની ઊંચા સ્તરની પ્રતિબદ્ધતા અને સમર્પણથી સુરક્ષિત રેલ સંચાલનમાં મહત્વપૂર્ણ યોગદાન મળ્યું છે. તેમણે તમામને અભિનંદન પાઠવી ભવિષ્યમાં પણ ઉત્કૃષ્ટ કાર્ય ચાલુ રાખવા પ્રોત્સાહિત કર્યા.

ઘટનાઓનો સંક્ષિપ્ત વિગતવાર વર્ણનઃ

- શ્રી કપિલ બર્મા (સ્ટેશન માસ્ટર— પોરબંદર): ૧૫.૦૧.૨૦૨૬ના રોજ રાણાવાવ સ્ટેશન પર ટ્રેન નંબર ૫૯૫૬૨ પોરબંદર—રાજકોટમાંથી ઉતરતી વખતે એક બાળકીનો હાથ દરવાજાના હેન્ડલમાં ફસાઈ ગયો હતો અને તે ચાલતી ટ્રેન સાથે લટકાઈ ગઈ હતી. શ્રી વર્માએ તાત્કાલિક દોડી જઈ સાહસિક રીતે બાળકીનો સુરક્ષિત બચાવ કર્યો.
- શ્રી રામ પ્રસાદ મીણા (કાંટેવાળા—ભાવનગર ટર્મિનસ): ૨૩.૦૧.૨૦૨૬ના રોજ પાટા પર અસામાન્યતા દેખાતા ટ્રેન નંબર ૧૨૯૭૧ને લાલ ઝંડો બતાવી રોકી હતી. તપાસમાં રેલ ફ્રેક્ચર મળ્યું, જેના કારણે સંભવિત અકસ્માત ટળી ગયો.
- શ્રી રાજ કુમાર (પોઈન્ટસમેન—સિહોર જંકશન): ૦૮.૦૨.૨૦૨૬ના રોજ પ્લેટફોર્મ પર આવતી ટ્રેન નંબર ૫૯૨૨૯માંથી ઉતરતી વખતે પડી ગયેલી યુવતીને તાત્કાલિક કાર્યવાહી દ્વારા બચાવી હતી. સમગ્ર ઘટના સીસીટીવીમાં નોંધાઈ હતી.
- શ્રી રાજુ શામજી મકવાણા (કાંટેવાળા— રાણાવાવ): ૨૭.૦૧.૨૦૨૬ના રોજ વીરપુર સ્ટેશન પર લાઈન નંબર ૦૧માં રેલ ફ્રેક્ચર જોવા મળતાં તરત જ સ્ટેશન માસ્ટરને જાણ કરી હતી, જેથી સમયસર મરામત કરી ગંભીર અકસ્માત ટાળી શકાયો. પશ્ચિમ રેલવેનું ભાવનગર મંડળ તમામ સન્માનિત કર્મચારીઓની ત્વરિત વિચારશક્તિ, સાહસ અને સતર્કતાની પ્રશંસા કરે છે, જેના પ્રયાસોથી મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત થઈ અને સંભવિત અકસ્માતોને અટકાવવામાં આવ્યા.

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક


RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# ગુજરાત ખાલીસ્તાન બનશે : હિન્દુસ્તાનના ટુકડા થશેઃ અમદાવાદની ૧૫ અને વડોદરાની ૧૭ સ્કુલોને મળી બોમ્બ ની ધમકી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

વડોદરાની ૧૭ અને અમદાવાદ ની ૧૫ સ્કુલને બોમ્બ થી ઉડાવી દેવાની ધમકી મળતા સવારથી જ તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી. ધમકીભર્યા ઈમેઈલમાં પીએમ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને ટાર્ગેટ કરવામાં આવ્યા હતા. ઈમેઈલમાં લખ્યુ હતુ કે ગુજરાત ખાલીસ્તાન બનશે અને હિન્દુસ્તાનના ટુકડા થશે. અમદાવાદની ડીએવી ઈન્ટરનેશનલ સ્કુલ મકરબા, એશિયા સ્કુલ વસ્ત્રાપુર, એ વન સ્કુલ સેટેલાઈટ, અંકુર ઈન્ટરનેશનલ સ્કુલ કૃષ્ણનગર, સંતકબીર નવરંગપુરા અને સીલ્વર બેલ સ્કુલ બાપુનગર ને ધમકીના ઈમેઈલ મળતા તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી. શહેરના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિતનો મોટો કાફલો સ્કુલો ખાતે દોડી આવ્યો હતો અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

વડોદરાની ૧૭ સ્કુલને બોમ્બ થી ઉડાવી દેવાના ધમકીભર્યા ઈમેઈલ મળતા શાળા સંચાલકો દ્વારા બાળકોને તાત્કાલીક છોડી મુકવામાં આવ્યા હતા. તેમજ ઉર્મી સ્કુલની હોસ્ટેલ પણ સાવચેતીના ભાગરૂપે ખાલી કરી દેવામાં આવી હતી. બોમ્બ ની ધમકી મળી હોવાની જાણ થતા શહેરના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિતનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પરીસ્થિતિની ગંભીરતા જોતા બોમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડની મદદથી સ્કુલની તપાસ શરૂ કરવામાં આવી હતી. વડોદરાની ડી આર અમીન વાસના રોડ, ઉર્મી સમાસાવલી , નાલંદા વાઘોડીયા રોડ, બરોડા હાઈસ્કુલ, બગીખાના, નવયુગ, સમા , જીવન સાધના, નાઘરવાડા, એડબલ્યુએસ અને ડભોઈ શાનેન, ખોડીયારનગરને બોમ્બ ની ધમકી મળી હતી. વડોદરામાં આ ઈમેઈલ મળતા જ શાળા સંચાલકોએ સતર્કતા દાખવી તાત્કાલીક બાળકોને સુરક્ષિત રીતે ઘરે મોકલી દીધા હતા. સાવચેતીના ભાગરૂપે ઉર્મી સ્કુલની હોસ્ટેલ પર ખાલી કરાવી દેવામાં આવી હતી. ગત ૨ ફેબ્રુઆરીના રોજ જુનાગઢની ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટને બોમ્બ થી ઉડાવી દેવાની ધમકી મળતા સમગ્ર વહિવટી તંત્ર અને પોલીસ બેડામાં દોડધામ મચી જવા પામી હતી. કોર્ટના સત્તાવાર ઈમેઈલ આઈડી પર મેઈલ આવ્યો હતો કે ૨:૧૦ વાગે ૩ બોમ્બ કોર્ટમાં ફુટશે, મેઈલ મળતા ની સાથે જ કોર્ટના અધિકારીઓએ તુરંત પોલીસ વિભાગને જાણ કરી હતી. જેના પગલે ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. અંદાજે ૩ કલાક સુધી ચાલેલા સર્ચ ઓપરેશન બાદ કોઈ અઘટીત ઘટના કે શંકાસ્પદ વસ્તુઓ મળી આવી ન હતી.






# હિંમતનગર રેલ્વે સ્ટેશન ખાતે ઉદયપુર-અસારવા વંદે ભારત એક્સપ્રેસને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું





પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર રેલ્વે સ્ટેશન ખાતે સાંસદ શોભનાબેન બારૈયાના હસ્તે ઉદયપુર-અસારવા વંદે ભારત એકસપ્રેસ ટ્રેનને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યુ હતું.

સાબરકાંઠા જિલ્લાના મુસાફરો માટે આજનો સોમવારનો દિવસ ઐતિહાસિક દિવસ રહયો છે. રેલ્વે મંત્રાલય દ્વારા લેવામાં આવેલા મહત્વના નિર્ણય મુજબ ઉદયપુર-અસારવા (અમદાવાદ) વંદે ભારત એકસપ્રેસને હવે હિંમતનગર સ્ટેશન પર સ્ટોપેજ આપવામાં આવ્યુ છે.

આ સ્ટોપેજ થી સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર અને આજુબાજુ વિસ્તારના લોકો હવે માત્ર ગણતરીના કલાકોમાં અમદાવાદ અથવા ઉદયપુર પહોચી શકશે. અમદાવાદ અને રાજસ્થાન સાથે સીધી અને ઝડપી કનેકટીવીટી મળતા સ્થાનિક વેપાર, શિક્ષણ અને પ્રવાસન ક્ષેત્રને મોટો ફાયદો થશે. આ સ્ટોપેજ માત્ર એક ટ્રેન ઉભી રાખવાનો નિર્ણય નથી પરંતુ હિંમતનગર ના વિકાસ માટેનો એક નવો માઈલસ્ટોન છે. વિદ્યાર્થીઓ, વેપારીઓ અને દર્દીઓ માટે અમદાવાદ જવુ હવે વધુ સુલભ અને આરામદાયક બનશે.

આ અવસરે રાજય સભા સાંસદ રમીલાબેન બારા, રાજયસભા સાંસદ મયંક નાયક, જિલ્લા કલેકટર લલીત નારાયણ સિંઘસાંદુ, જિલ્લા પોલીસવડા ડો. પાર્થરાજસિંહ ગોહિલ, રેલ્વે વિભાગના અધિકારીઓ સહિત પદાધિકારીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ૨૨ ફેબ્રુઆરીથી ભાવનગર ટર્મિનસ–બીકાનેર વચ્ચે સાપ્તાહિક “સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન”નું સંચાલન, ટિકિટ બુકિંગ ૧૭ ફેબ્રુઆરીથી શરૂ

યાત્રીઓની સુવિધા તથા વધારાની યાત્રિયોની ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા ભાવનગર ટર્મિનસ અને બીકાનેર વચ્ચે વિશેષ ભાડા પર સાપ્તાહિક “સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન”નું સંચાલન કરવામાં આવશે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર, ટ્રેનની વિગતો નીચે મુજબ છેઃ

ટ્રેન નંબર ૦૯૨૭૧/૦૯૨૭૨ ભાવનગર ટર્મિનસ–બીકાનેર સુપરફાસ્ટ સ્પેશિયલ

● ટ્રેન નંબર ૦૯૨૭૧ ભાવનગર ટર્મિનસ–બીકાનેર સુપરફાસ્ટ સ્પેશિયલ

આ ટ્રેન ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૬થી ૨૯ માર્ચ, ૨૦૨૬ સુધી દરેક રવિવારે સવારે ૦૪:૨૫ વાગ્યે ભાવનગર ટર્મિનસથી પ્રસ્થાન કરશે અને બીજા દિવસે ૦૧:૧૫ વાગ્યે બીકાનેર પહોંચશે.

● ટ્રેન નંબર ૦૯૨૭૨ બીકાનેર–ભાવનગર ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ

આ ટ્રેન ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૬થી ૩૦ માર્ચ, ૨૦૨૬ સુધી દરેક સોમવારે સવારે ૦૯:૦૦ વાગ્યે બીકાનેરથી પ્રસ્થાન કરશે અને બીજા દિવસે ૦૪:૩૫ વાગ્યે ભાવનગર ટર્મિનસ પહોંચશે.

આ ટ્રેન બંને દિશામાં સિહોર (ગુજરાત), ધોળા, બોટાદ, સુરેન્દ્રનગર ગેટ, આમ્બલી રોડ, ગાંધીનગર કેપિટલ, મહેસાણા જં., પાલનપુર જં., આબુ રોડ, ફાલના, મારવાડ જં., પાલી મારવાડ, લૂણી જં., જોધપુર જં., ગોટન, મેડતા રોડ જં., નાગૌર અને નોખા સ્ટેશનો પર ઠેરાવ કરશે.

આ ટ્રેનમાં સેકન્ડ એસી, થર્ડ એસી, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસના કોચ ઉપલબ્ધ રહેશે.

બુકિંગ માહિતીઃ

ટ્રેન નંબર ૦૯૨૭૧/૦૯૨૭૨ માટેની બુકિંગ ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ (મંગળવાર)થી તમામ પીઆરએસ કાઉન્ટરો તેમજ આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સમય, રોકાણ અને કોચ રચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www. enquiry. indianrail. gov.in પર અવલોકન કરી શકે છે.

### મંથન બેઠકમાં ગુજરાતમાં “કો-ઓપરેશન અમોંગ ધ કો-ઓપરેટીવ” પહેલની સફળતા અંગે વિશેષ પ્રસ્તુતિ રજૂ કરાશે

# કેન્દ્રીય સહકારિતા મંત્રીશ્રી અમિત શાહની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે સહકાર ક્ષેત્રની રાષ્ટ્રીય ‘મંથન બેઠક’ યોજાશે

### સહકાર ક્ષેત્રે વિવિધ રાજ્યોની શ્રેષ્ઠ પદ્ધતિઓ અને ’આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ ૨૦૨૫’ પરના અહેવાલનું બેઠકમાં વિમોચન થશે

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહની અધ્યક્ષતા હેઠળ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આવતીકાલ તા. ૧૭ ફેબ્રુઆરીના રોજ સહકાર ક્ષેત્રની રાષ્ટ્રીય કક્ષાની “મંથન બેઠક” યોજાશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ‘સહકારથી સમૃદ્ધિ’ના સંકલ્પને સાકાર કરવા તેમજ સહકારી સંઘવાદને મજબૂત બનાવવાની દિશામાં આ મંથન બેઠક એક મહત્વપૂર્ણ પગલું પૂરવાર થશે, તેમ સહકાર મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું.

સહકાર ક્ષેત્રની મંથન બેઠક અંગે વધુ વિગતો આપતા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, આ પરિષદના ઉદ્ઘાટન સત્રમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી તેમજ સમગ્ર પરિષદ દરમિયાન કેન્દ્રીય સહકાર રાજ્ય મંત્રી શ્રી કૃષ્ણ પાલ, કેન્દ્રીય સહકાર રાજ્ય મંત્રી શ્રી મુરલીધર મોહોલ, દેશના વિવિધ રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોના સહકાર મંત્રીશ્રીઓ અને સચિવ કક્ષાના ઉચ્ચ સનદી અધિકારીઓ ઉપસ્થિત રહેશે. સહકાર ક્ષેત્રની રાષ્ટ્રીય કક્ષાની મંથન બેઠકની પ્રથમ આવૃત્તિ દિલ્હી ખાતે યોજાઈ હતી અને બીજી આવૃત્તિ ગાંધીનગર ખાતે યોજાઈ રહી છે, જે ગુજરાત માટે ગર્વની ક્ષણ છે. તેમણે જણાવ્યું કે, મંથન બેઠકમાં મુખ્યત્વે દેશભરમાં ૨ લાખ નવી MPACS, ડેરી અને મત્સ્ય મંડળીઓની સ્થાપનાની સમીક્ષા, વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજના અંતર્ગત આધુનિક ગોદામોનું નિર્માણ, સહકારી ખાંડ મિલોની આર્થિક સક્ષમતા અને સહકારી બેંકોના પડકારોનું નિવારણ તેમજ નેશનલ કોઓપરેટિવ ડેટાબેઝ અને સંસ્થાઓનું કોમ્પ્યુટરાઈઝેશન જેવા મહત્વપૂર્ણ વિષયો અંગે સામૂહિક મંથન કરવામાં આવશે.આ પરિષદ દરમિયાન કેન્દ્રીય સહકારિતા મંત્રીશ્રીના હસ્તે સહકારી સંસ્થાઓ અને APMCના રૂ. ૨૫૦ કરોડથી વધુના વિવિધ પ્રોજેક્ટસનું લોકાર્પણ તેમજ વિવિધ રાજ્યોની શ્રેષ્ઠ પદ્ધતિઓ અને ’આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ ૨૦૨૫’પરના એક વિશેષ અહેવાલનું વિમોચન કરવામાં આવશે. આ ઉપરાંત દિવસ દરમિયાન સહકાર મંત્રાલયની મુખ્ય પહેલો અને ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, રાજસ્થાન અને છત્તીસગઢ રાજ્યની પરિવર્તનકારી પહેલોને પણ આ પરિષદમાં રજૂ કરવામાં આવશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.સહકાર મંત્રીશ્રીએ ગુજરાતની સહભાગિતા અંગે જણાવ્યું હતું કે, મંથન બેઠકના બીજા સત્રમાં ગુજરાતમાં “કો-ઓપરેશન અમોંગ ધ કો-ઓપરેટીવ” પહેલની સફળતા અંગે એક વિશેષ પ્રસ્તુતિ રજૂ કરવામાં આવશે. “કો-ઓપરેશન અમોંગ ધ કો-ઓપરેટીવ”ના માધ્યમથી ગુજરાતમાં નવા ૩૩ લાખ બેંક એકાઉન્ટ ખોલવામાં આવ્યા છે, ૧૯ લાખ પશુપાલકોને RuPay ડેબિટ કાર્ડ અને ૨૨ લાખ ખેડૂતોને KCCથી જોડવામાં આવ્યા છે તથા ૧૨,૬૨૪ માઈક્રો ATM દ્વારા દર મહિને ૨૨ લાખ ડિજિટલ ટ્રાન્ઝેક્શન થાય છે.

આ પરિષદ અંતર્ગત મહાત્મા મંદિર ખાતે યોજાનારી પ્રદર્શની અંગે સહકાર મંત્રીશ્રીએ કહ્યું હતું કે, મંથન બેઠક પૂર્વે કેન્દ્રીય સહકારિતા મંત્રીશ્રી મહાત્મા મંદિર ખાતે આયોજિત એક વિશેષ સહકારિતા પ્રદર્શનીનો શુભારંભ કરાવશે. જેમાં NDDB, NFDB, NCDC, IFFCO, NCEL, NCOL, BBSSL જેવી રાષ્ટ્રીય સ્તરની તેમજ અમૂલ (GCMMF), બનાસ ડેરી, ગુજકોમાસોલ અને ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંક જેવી ગુજરાતની અગ્રણી સહકારી સંસ્થાઓ મળી કુલ ૨૦ સંસ્થાઓ પોતાના સ્ટોલ પ્રદર્શિત કરશે.

- નિતિન રથવી

# ગુજરાતમાં શાળાઓને વારંવાર બોમ્બની ધમકીઓ : શું આ સરકાર વિદ્યાર્થી ઓની સુરક્ષા અને શિક્ષણ પ્રત્યે ગંભીર છે ખરા ?

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાતમાં શાળાઓને બોમ્બ ની ધમકીઓ મળવાનો સીલસીલો ઓછુ થવાનુ નામ નથી લઈ રહયો, આજે જ અમદાવાદમાં ૨૫ થી વધુ શાળાઓને ખાલીસ્તાનના નામે બોમ્બ ની ધમકીઓ મળી હતી. જેના કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભયનુ વાતાવરણ ફેલાયુ હતુ, આ પ્રકારની ઘટનાઓ છેલ્લા એક વરસથી વારંવાર બની રહી છે. પરંતુ ભાજપની સરકાર આ મુદ્દે માત્ર ખોખલા વચનો આપીને ચુપ બેસી રહી છે. ત્યારે સવાલ એ થાય છે કે શું આ સરકાર વિદ્યાર્થીઓની સુરક્ષા અને શિક્ષણ પ્રત્યે ગંભીર છે ખરા ?

છેલ્લા ૬ મહિનામાં ગુજરાતમાં ૧૪ થી વધુ વખત બોમ્બની ધમકીઓ મળી છે. જેમાં શાળાઓ ઉપરાંત હાઈકોર્ટ અને એરપોર્ટ પણ સામેલ છે, ડીસેમ્બર ૨૦૨૫ માં અમદાવાદ અને ગાંધીનગરમાં લગભગ ૨૦ શાળાઓને ધમકીઓ મળી હતી. જેના કારણે વિદ્યાર્થીઓને સ્કુલે થી ઘરે મોકલવા પડયા અને વાલીઓમાં આતંક ફેલાયો, જાન્યુઆરી ૨૩ ૨૦૨૬ ના રોજ પણ અમદાવાદ ની શાળાઓને ધમકીઓ મળી હતી અને આજે સોમવારે ફરી એક વખત આ જ પુનરાવર્તન થયુ છે. જુલાઈ ૨૦૨૫ માં વડોદરાની શાળાઓને પણ આવી જ ધમકીઓ મળી હતી. જયારે આરડીએકસ ના ઉપયોગની વાત કરવામાં આવી હતી. આ ધમકીઓ મોટા ભાગે ઈમેઈલ દ્વારા આવે છે અને તેને હોકસ જાહેર કરી દેવામાં આવે છે. પરંતુ સૌથી મોટો પ્રશ્ન એ છે કે સરકારની સાયબર સુરક્ષા વ્યવસ્થા કેમ આને અટકાવી શકતી નથી ? જો આ બધુ માત્ર હોકસ જ છે તો સરકાર કેમ આ ઈમેઈલ્સ ના સ્ત્રોતને ટ્રેસ કરીને ગુન્હેગારોને પકડી શકતી નથી ? આ બધુ સરકારનુ અસમર્થતા અને બેદરકારીને સ્પષ્ટ કરે છે. જે ડીઝીટલ ઈન્ડીયાની મોટી મોટી ડંફાસો તો મારે છે પરંતુ વારંવાર ની આ ઘટનાઓમાં કોઈ કડક કાર્યવાહી કરતી નથી અને પરીણામે વિદ્યાર્થીઓ અને વાલીઓના જીવને જોખમમાં મુકી રહી છે. સરકારના પ્રવકતા અને મંત્રીઓતો માત્ર એટલુ જ કહે છે કે સરકાર ગંભીર છે અને તપાસ કરી રહી છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે આ ધમકીઓના સ્ત્રોતને શોધી કાઢવામાં સરકાર સંપૂર્ણપણે નિષ્ફળ રહી છે. છેલ્લા ૬ મહિનામાં ૧૪ હોકસ મેઈલ્સથી સ્પષ્ટ થાય છે કે સાયબર સુરક્ષામાં મોટી ખામીઓ છે. કોઈ ફાયરવોલ નથી, સુરક્ષા તાલીમની અછત છે અને તપાસ એજન્સીઓની ક્ષમતા અપૂર્ણ છે, પોલીસ અને બોમ્બ સ્કવોડ તો તપાસ કરે છે પરંતુ હજુ સુધી કોઈ પરીણામ નથી મળ્યા, આના કારણે વિદ્યાર્થીઓનુ શિક્ષણ વારંવાર વિક્ષેપિત થાય છે અને વાલીઓમાં અસુરક્ષાની લાગણી વધે છે. ગુજરાત સરકાર જે પોતાને મોડલ સ્ટેટ કહે છે તે આવી વારંવારની ધમકીઓને પણ રોકી શકતી નથી. નરેન્દ્ર મોદી સ્ટેડીયમને પણ ધમકી મળી હતી. પરંતુ કોઈ કાર્યવાહી થઈ નથી. આ બધુ સરકારની પ્રાથમિકતાઓ પર સવાલ ઉઠાવે છે ત્યારે પ્રશ્ન થવાનો કે શું વિકાસના નામે સુરક્ષાને અવગણવામાં આવી રહી છે ?

આ ધમકીઓના કારણે શાળાઓને વારંવાર બંધ કરવી પડે છે. વિદ્યાર્થીઓને ઘરે મોકલવા પડે છે અને માતા પિતા પરેશાન થાય છે. અમદાવાદમાં ઝેબાર સ્કુલ, મહારાજ અગ્રેસન સ્કુલ, ડીપીએસ બોપલ જેવી શાળાઓને ધમકીઓ મળી છે. જેના કારણે હજારો વિદ્યાર્થીઓ પ્રભાવિત થયા છે. આવી સ્થિતિમાં શિક્ષણની ગુણવત્તા કેવી રીતે જળવાઈ રહેશે ? સરકારની આ બેદરકારી વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે રમત રમી રહી છે. જો આમનુ આમ ચાલુ રહેશે તો ગુજરાતની શિક્ષણ વ્યવસ્થા અને જનતાનો વિશ્વાસ બંનેને મોટુ નુકશાન થશે. આવી ધમકીઓને કારણે વિદ્યાર્થીઓના ભવિષ્ય પર અસર થઈ રહી છે, વાલીઓ પરેશાન છે પણ સરકારના પેટનુ પાણી હલવાનુ નામ નથી લઈ રહ્યુ, સરકારને હવે એટલુ કહી શકાય કે હવે જાગો અને થોડી ઘણી શરમ બાકી હોય તો તમારી જવાબદારી નિભાવો.

# ભારતીય સંસ્કૃતિનાં પુનરુત્થાન સમા સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી પછીની પહેલી મહાશિવરાત્રીએ સોમનાથ ધામમાં ભક્તિ અને સેવાનો અનોખો સુભગ સંયોગ રચાયો



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતીય સંસ્કૃતિનાં પુનરુત્થાન સમા સોમનાથ સ્વાભિમાન પર્વની તાજેતરની ભવ્ય ઉજવણી પછીની પ્રથમ મહાશિવરાત્રીએ ભક્તિ અને સેવાનો અનોખો સુભગ સંયોગ રચાયો હતો.

દેશના અસ્તિત્વ અને ગૌરવનું પર્વ તથા આપણી હજાર વર્ષની યાત્રાનો ઉત્સવ સોમનાથ સ્વાભિમાન પર્વ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં ઉજવાયો હતો. આ પર્વમાં દેશભરમાંથી વિશાળ સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને ભક્તો સહભાગી થયા હતા. એટલું જ નહિ, દેશના ખૂણે-ખૂણેથી વિશેષ ટ્રેન અને બસો મારફતે પણ શ્રદ્ધાળુઓ સોમનાથ પહોંચ્યા હતા.

સૌ યાત્રિકોને રેલ્વે સ્ટેશનથી લઈને મંદિર સુધી પહોંચવાની તમામ વ્યવસ્થાઓ તથા ભોજન પ્રસાદ સોમનાથ ટ્રસ્ટ દ્વારા ઉદારતાથી કરવામાં આવી હતી.

૧૯૫૧માં સોમનાથ મંદિરનું પુનઃ નિર્માણ થયું ત્યારે નવનિર્મિત સોમનાથ મંદિર સામે ભક્તોને ભોજન પ્રસાદ પિરસવાનો પડકાર હતો. સોમનાથ સ્વાભિમાન પર્વ સાથે સોમનાથ મંદિરના પુનઃ નિર્માણના ૭૫ વર્ષ પણ થયા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પડકારને અવસરમાં પલટાવવાની વિકસાવેલી કાર્ય સંસ્કૃતિ સોમનાથ ટ્રસ્ટે આ અમૃત વર્ષ સુધીમાં શિવ ભક્તોની દાન સેવા અને જનભાગીદારીથી ચરિતાર્થ કરી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષપણાનાં સોમનાથ ટ્રસ્ટનો સોમનાથ દાદાના દર્શને આવેલો “કોઈ ભક્ત ભૂખ્યો ન જાય”નો ધ્યેય પણ સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણીમાં નિઃશુલ્ક ભોજન પ્રસાદ સેવાથી સાકાર થયો હતો.

સોમનાથ સ્વાભિમાન પર્વ અવસરે સોમનાથ ટ્રસ્ટે જિલ્લા વહિવટી તંત્રને ખાતરી આપી હતી કે ગમે એટલી સંખ્યામાં ભક્તો આવે, તેમની ભોજન વ્યવસ્થામાં કોઇ કમી નહીં રહે. દેશ ભરના ભક્તો-શ્રદ્ધાળુઓને વહિવટી તંત્રએ દિવસ-રાત ભંડારા ચલાવીને ભોજન પુરુ પાડ્યું હતું અને ભક્તોની સુવિધા માટે સેવાની સરવાણી વહાવી હતી.

આ ભંડારાના રાશન પેટે રૂ. ૧.૦૮ કરોડનો ચેક મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં મહાશિવરાત્રીના પાવન અવસરે સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી જે.ડી. પરમાર, સેક્રેટરી શ્રી યોગેન્દ્ર દેસાઈ અને જનરલ મેનેજર શ્રી ચાવડાએ ગીર-સોમનાથ જિલ્લા વહિવટી તંત્રને અર્પણ કર્યો હતો.

# કેશોદ શહેરમાં વિદ્યાર્થીઓ વચ્ચે થયેલી મારામારીની ઘટના સામે આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)જુનાગઢ

જુનાગઢ જિલ્લાના કેશોદ શહેરમાં વિદ્યાર્થીઓ વચ્ચે થયેલી મારામારીની ઘટના સામે આવી છે. શહેરની એલ.કે.હાઈસ્કૂલ નજીક આ હિંસક બનાવ બન્યો હતો, જેના પગલે વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. વિદ્યાર્થીઓ અંદરોઅંદર કોઈ બાબતે ઉગ્ર વાદ વિવાદમાં ઊતરી રસ્તા પર જ બાખડી પડ્યા હતા. ઝઘડો એટલો ઉગ્ર બન્યો કે રાહદારીઓએ વચ્ચે પડી મામલો શાંત પાડવાનો પ્રયાસ કર્યો. કેટલાક સ્થાનિક લોકોએ પણ વિદ્યાર્થીઓને ઠપકો આપી પરિસ્થિતિ કાબૂમાં લીધી હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા સમગ્ર પંથકમાં આ બનાવ ચર્ચાનો વિષય બન્યો છે. વીડિયોમાં વિદ્યાર્થીઓ વચ્ચે ધક્કામુક્કી અને મારામારી સ્પષ્ટ જોવા મળી રહી છે. પોલીસ તંત્રએ વાયરલ વીડિયોના આધારે તપાસ શરૂ કરી છે અને સંડોવાયેલા વિદ્યાર્થીઓની ઓળખ કરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. બીજી તરફ, સ્કૂલ પ્રશાસન દ્વારા પણ ઘટનાની ગંભીરતા ધ્યાનમાં લઈ યોગ્ય પગલાં લેવાશે તેવી માહિતી આપવામાં આવી છે.

**પશ્ચિમ રેલવે**

**ઈ-હરાજી સૂચના**

ભારતીય સંઘના પ્રમુખ વતી અને તેમના વતી, સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર, ટ્રેક્શન ડિસ્ટ્રિબ્યુશન, પશ્ચિમ રેલ્વે, રતલામ નીચેના કામ માટે ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે: ટેન્ડર નંબર: EL/TRD/ 58/2x25/EPC-PSI/01. કામનું નામ: 132/55KV સ્કોટ કનેક્ટેડ ટ્રેક્શન સબસ્ટેશનનું ડિઝાઇન, સપ્લાય, બાંધકામ, પરીક્ષણ અને કમિશનિંગ અને પશ્ચિમ રેલ્વેના રતલામ વિભાગના ગોધરા-રતલામ વચ્ચે 2x25KV ફીડિંગ સિસ્ટમ માટે સ્વિચિંગ પોસ્ટ્સવિસ્તાર. કામનો અંદાજિત ખર્ચ: ₹146,06,00,000/- અર્નેસ્ટ મની ડિપોઝિટ/બિડ સિક્યોરિટી: ₹ 74,53,000/- પૂર્ણતા સમયગાળો: 24 મહિના. ટેન્ડર દસ્તાવેજની કિંમત: નથી, સમાપ્તિ તારીખ અને સમય: તા. 12/03/2026 ના 15:00 કલાક સુધી તા. 02/03/2026 ના 15:00 કલાક સુધી. ટેકનિકલ બિડ્સ ખોલવાની તા. 24/03/2026 15:30 કલાક પછી તા. 13/03/2026 ના બદલે 15:30 કલાક સુધી. ઓફરની માન્યતા: ખુલવાની તારીખથી 180 દિવસ. વેબસાઇટ વિગતો: www.ireps.gov.in નોટિસ બોર્ડ સ્થાન: સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (ટ્રેક્શન ડિસ્ટ્રિબ્યુશન) ની ઓફિસની સામે, પશ્ચિમ રેલ્વે, રતલામ -457001. V/461

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# રાજકોટથી માત્ર ૮-૧૦ કિલોમીટર દૂર મનહરપુર ગામમાં દીપડાનો આતંક

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

જંગલનું ખૂંખાર પ્રાણી ગણાતો દીપડો હવે રાજકોટ જેવા મેટ્રો શહેર સુધી પહોંચી રહ્યો છે. રાજકોટથી માત્ર ૮ કિલોમીટર ૧૦ કિલોમીટર દૂર આવેલા મનહરપુર ગામમાં દીપડાનો આતંક વધી રહ્યો છે. અહીંયા રાત્રીના સમયે પશુપાલકો સીમ વિસ્તારમાં જતા ડરી રહ્યા છે. ખૂંખાર દીપડાના કારણે પશુપાલકોના પશુઓ સલામત નથી રહ્યા.રાજકોટ શહેર નજીક આવેલા મનહરપુર ૧ ગામમાં દીપડાનો આતંક વધ્યો છે. મનહરપુર ગામના પશુપાલકો દીપડાના ત્રાસથી ત્રાહીમામ છે. પશુપાલકો દ્વારા દાવો કરવામાં આવ્યો કે છેલ્લા ૮ દિવસ જેટલા સમયમાં ૭ જેટલા પશુઓના મારણ દીપડાએ કર્યા છે.

રાત્રિના સમયે એક સાથે બે દીપડા આવતા હોવાનો દાવો પશુપાલકો દ્વારા કરવામાં આવ્યો છે. છેલ્લા દસ દિવસ જેટલા સમયથી દીપડાનો ત્રાસ વધી રહ્યો છે. રાત્રિના સમયે જતા ડર અનુભવે છે. એક સાથે ચારથી પાંચ પશુપાલકો સાથે મળીને સીમ વિસ્તારમાં જતા હોય છે. માત્ર પશુપાલકો જ નહીં આ વિસ્તારના ખેડૂતોમાં પણ ડરનો માહોલ છે.

રાત્રિના સમયે મજૂરો પણ ખેતરમાં રહેતા નથી હોતા. દીપડાને ઝડપી પાડવા વન વિભાગ દ્વારા સીમ વિસ્તારમાં પીંજરું મૂકવામાં આવ્યું છે. પશુપાલકોએ કહ્યું હતું કે તેમના જીવ કરતા પણ તેમને તેમના પશુઓ વધુ વાલા હોય છે. આ પશુઓના કારણે જ તેમનું જીવન નિર્વાહ થતું હોય છે ત્યારે રાત્રિના સમયે પશુઓને બચાવવા પોતાના જીવના જોખમે સીમ વિસ્તારમાં જતા હોય છે. ક્યારેક તો દીપડા એટલો નજીક આવી જતો હોય છે કે પશુપાલકોને પણ ડર લાગતો હોય છે.

રાજકોટ શહેરમાં અગાઉ પણ દીપડાનો આતંક સામે આવી ચૂક્યો છે. અગાઉ શહેરના પરાપીપડીયા ગામ નજીક આવેલી એમ હોસ્પિટલની આસપાસ દીપડાએ દેખા દીધા હતા. રાજકોટ શહેરની આસપાસનો વિસ્તાર એ દીપડાનું કાયમી રહેઠાણ બની ગયું હોય તેમ આ વિસ્તારમાં દીપડો અવારનવાર દેખાતો હોય છે. વન વિભાગ દ્વારા પણ દીપડાને ઝડપી પાડવા માટે અલગ અલગ વિસ્તારોમાં પિંજરા મુકવામાં આવતા હોય છે. ત્યારે હવે મનહરપુર નજીકના ગ્રામ્ય વિસ્તારના લોકોની માંગ છે કે તાત્કાલિક તેમના વિસ્તારમાં રખડતા દીપડાને ઝડપી પાડવામાં આવે.

**પશ્ચિમ રેલવે**

**એન્જિનિયરિંગ વિભાગની ઇ-ટેન્ડરિંગ સૂચના**

W/623/5/3/NIT તારીખ - 13/02/2026, ડિવિઝનલ રેલ્વે મેનેજર (W/A) રતલમ ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે વેબસાઇટ www.ireps.gov.in પર ઇ-ટેન્ડર દ્વારા "ખુલ્લા ટેન્ડર" આમંત્રિત કરે છે. વિગતો નીચે મુજબ છે: ક્રમાંક 1-ઇ-ટેન્ડર નંબર: RTM-2025-26-191. કામનું નામ: GDA-NAD વિભાગ - ADEN (દક્ષિણ) DHD વિભાગમાં પુલોનું વાર્ષિક સમારકામ અને જાળવણી (બે વર્ષ માટે). આશરે જથ્થો: ટેન્ડર શેડ્યૂલ મુજબ. આશરે મૂલ્ય: ₹ 1,99,57,489.00 કમાણી: ₹ 2,49,800.00 પૂર્ણતા સમયગાળો: 24 મહિના. સમાન પ્રકારનું કામ: કોઈપણ સિવિલ એન્જિનિયરિંગ કાર્ય. વેબસાઇટ પર અપલોડ કરવાની તારીખ: 13/02/2026 ટેન્ડર ખોલવાની તારીખ: 09/03/2026. ક્રમાંક 2 ઇ-ટેન્ડર નંબર: RTM-2025-26-192. કાર્યનું નામ: GDA-NAD વિભાગ - ADEN(પૂર્વ) RTM વિભાગમાં પુલોનું વાર્ષિક સમારકામ અને જાળવણી (બે વર્ષ માટે). આશરે જથ્થો: ટેન્ડર સમયપત્રક મુજબ. આશરે મૂલ્ય: ₹ 2,43,57,050.00 EMD : ₹ 2,71,800.00 પૂર્ણતા સમયગાળો: 24 મહિના. સમાન પ્રકારનું કાર્ય: કોઈપણ સિવિલ એન્જિનિયરિંગ કાર્ય. વેબસાઇટ પર અપલોડ કરવાની તારીખ: તા. 13/02/2026 ટેન્ડર ખોલવાની તારીખ: તા. 09/03/2026. વિગતવાર ટેન્ડર સૂચના, પાત્રતા માપદંડ અને નિયમો અને શરતો વેબસાઇટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. V/459

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# અમદાવાદના ૯૨ અર્બન હેલ્થ સેન્ટરો પર હવે મળશે હડકવાની રસી

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ શહેરમાં રખડતા શ્વાનનો ત્રાસ વધતા લોકો માટે હડકવાની રસી મેળવવી એક મોટો પડકાર બની રહી હતી. અત્યાર સુધી નાગરીકોએ રસી માટે મોટી સીવીલ હોસ્પીટલ કે ચોકકસ સેન્ટરો સુધી લાંબા થવુ પડતુ હતું. પરંતુ હવે અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન એ પ્રશંસનીય નિર્ણય લઈને શહેરના તમામ ૯૨ અર્બન હેલ્થ સેન્ટર પર હડકવાની રસી ઉપલબ્ધ કરાવી છે.




અમદાવાદમાં રોજે રોજ શ્વાન કરડવાના અનેક કિસ્સા નોંધાતા હોય છે. શ્વાન કરડયા બાદ રસી લેવી અત્યંત અનિવાર્ય હોય છે પરંતુ અત્યાર સુધી નાગરીકોને રસી માટે હોસ્પીટલોમાં ભટકવુ પડતુ હતુ, અથવા તો ખાનગી હોસ્પીટલોમાં ઉંચા ભાવ ચુકવવા પડતા હતા. આ સમસ્યાના કાયમી ઉકેલ તરીકે હવે તમારા ઘરની નજીક આવેલા અર્બન હેલ્થ સેન્ટર પર જ આ સુવિધા પુરી પાડવામાં આવશે. અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા લેવાયેલા આ નિર્ણય મુજબ શ્વાન કરડયા બાદ જે તાત્કાલીક પ્રથમ ડોઝ ની જરૂરીયાત હોય છે તે હવે અર્બન હેલ્થ સેન્ટર પરથી જ મળી રહેશે. આ ઉપરાંત હડકવાના બાકીના ડોઝ માટે પણ દર્દીઓએ ભટકવુ નહી પડે, શહેરના અલગ અલગ વિસ્તારોમાં આવેલા તમામ ૯૨ અર્બન હેલ્થ સેન્ટરો પર રસી નો પુરતો સ્ટોક ઉપલબ્ધ કરાવવાની કામગીરી પુર્ણ કરી લેવામાં આવી છે. આ વ્યવસ્થાથી ગરીબ અને મધ્યમ વર્ગના પરીવારોને આર્થિક અને માનસિક બંને રીતે મોટી રાહત મળશે,

આ અંગે હેલ્થ એન્ડ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના ચેરમેન જસુ ઠાકોરે નવસર્જન સંસ્કૃતિ સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે અત્યાર સુધી નાગરીકોને શ્વાન કરડયા બાદ રસી માટે મુશ્કેલી પડતી હતી અને લાંબે સુધી જવુ પડતુ હતું પરંતુ હવે લોકોની સુવિધા માટે અમે અમદાવાદના તમામ ૯૨ અર્બન હેલ્થ સેન્ટરો પર હડકવાની રસી ઉપલબ્ધ કરાવી દીધી છે. આનાથી શ્વાન કરડયાના કિસ્સામાં દર્દીને ત્વરીત સારવાર મળી રહેશે અને તેમનો કિંમતી સમય બચશે. આરોગ્ય વિભાગનો આ નિર્ણય અમદાવાદીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. જો કે તમને કે તમારી આજુબાજુ કોઈને શ્વાન કરડે તો ગભરાયા વગર નજીકના અર્બન હેલ્થ સેન્ટરનો સંપર્ક કરવો જોઈએ. સમયસર રસી લેવી એ હડકવા જેવી જીવલેણ બિમારીથી બચાવનો એકમાત્ર ઉપાય છે.

# નાયબ મુખ્યમંત્રી મંત્રીઓની ભલામણો કેમ ધ્યાને લેતા નથી ? પ્રજામાં ઉઠયા સવાલો

## પીએસ દ્વારા જવાબો ન આપવા પડે એટલે મીડીયા થી અંતર બનાવી દીધુ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના નાયબ મુખ્યમંત્રી મંત્રીઓની ભલામણો ધ્યાને ન લેતા મંત્રીઓ , ધારાસભ્યો અને પ્રજામાં નારાજગી વર્તાઈ જવા પામી છે.



નાયબ મુખ્યમંત્રી પાસે અગાઉ રાજય કક્ષાનુ ગૃહ ખાતુ હોવા છતાં મોટાભાગના મંત્રીઓની ભલામણો ધ્યાને લેવામાં આવી ન હતી. તેમ છતાં જુથવાદને ફરી પ્રમોશન આપી નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવતા મંત્રીઓ, ધારાસભ્યો અને પ્રજામાં નારાજગી વર્તાઈ જવા પામી છે. મંત્રીઓના કામો ન કરતા હોવા છતાં પ્રમોશન આપવામાં આવતા ખુદ ભાજપમાં નારાજગી વર્તાઈ જવા પામી છે. લોકમુખે ચર્ચાયેલ મુજબ પૂર્વ સહકાર મંત્રી અને હાલના પ્રદેશ પ્રમુખ પણ નાયબ મુખ્યમંત્રીની કામગીરીથી નારાજ છે. કારણ કે જે તે વખતે સહકાર મંત્રી હતા તે સમયે જ નાયબ મુખ્યમંત્રી વિરૂધ્ધ ફરીયાદો ઉઠી હોવાની વાતથી વાકેફ હતા, ત્યારે પ્રદેશ કક્ષાએ પણ કયાંક નારાજગી હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે.

તો બીજી તરફ એવુ પણ ચર્ચાઈ રહ્યુ છે કે જો મંત્રીઓના કામો નાયબ મુખ્યમંત્રીના કાર્યાલયે થતા ન હોય તો ધારાસભ્યો અને પ્રજા પોતાના કામો માટે નાયબ મુખ્યમંત્રી પાસે શું આશા રાખી શકે ? નાયબ મુખ્યમંત્રીના કાર્યાલયે પ્રજાના કામો ન થતા મીડીયાને જવાબ આપવો ન પડે તેને લઈ હવે તો પીએસ પણ મીડીયાથી અંતર રાખી રહયા છે. જે હોય તે પરંતુ નજીકના સમયગાળામાં આવી રહેલી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ધારાસભ્યો કયા મોઢે પ્રજા પાસે મત માગવા જશે તે એક મોટો ધારાસભ્યોમાં સવાલો ઉઠી રહયા છે. શિસ્તતાને વરેલા ધારાસભ્યો પણ મીડીયા સામે મોઢુ ખોલવા તૈયાર નથી. છેલ્લે અંતે સ્થાનિક નેતાઓ ને જ કામો ન થતા ભોગવવાનો વારો આવતો હોય છે.

# ગુજરાતમાં સરેરાશ રોજે રોજ ૩ થી વધુ દલીતો અત્યાચારનો ભોગ બની રહયા છે : ૫ વરસમાં ૧૩ હજાર થી વધુ બની ઘટનાઓ : કોંગ્રેસ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતની ભાજપ સરકારના શાસનમાં દલીતો અને આદિવાસી સમાજ પર અત્યાચારની ઘટનાઓ માં વધારો થયો હોવાનો આક્ષેપ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો છે. કોંગ્રેસનો આરોપ છે કે વિકાસના પોકળ દાવાઓ વચ્ચે રાજયનો દલીત અને આદિવાસી સમાજ આજે ભયના ઓથાર હેઠળ જીવી રહયો છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા હિરેન બેંકરે જણાવ્યુ હતુ કે ભાજપ સરકારની માનસિકતા દલીત / આદિવાસી વિરોધી છે. ગુજરાતમાં એસસી/ એસટી પર વધી રહેલી અત્યાચારની ઘટનાઓ રાજય માટે કલંક સમાન છે, ભાજપ સરકાર માત્ર મતોની રાજનીતી જાણે છે પરંતુ બંધારણીય હક્કો અને સુરક્ષા આપવામાં સદંતર નાકામ રહી છે, ગુજરાતમાં છેલ્લા પાંચ વરસમાં અનુસુચિત જાતિ પર અત્યાચારની કુલ ૧૩૬૨૯ ઘટનાઓ બની છે. જે દર્શાવે છે કે રાજયમાં રોજે રોજ સરેરાશ ૩ થી વધુ દલીતો અત્યાચારનો ભોગ બની રહયા છે. આ આંકડાઓ માત્ર નોંધાયેલા ગુન્હાઓના છે, જયારે ડર અને દબાણને કારણે હજારો કિસ્સાઓ તો પોલીસ ચોપડે ચડતા જ નથી. આદિવાસી સમાજ પરના હુમલા અંગે પણ ભાજપ સરકારની ઉદાસીન વલણ દાખવી રહી છે, ભાજપ શાસનમાં ગુજરાતના આદિવાસી સમાજ પર પણ અત્યાચારનો આંકડો સતત વધી રહયો છે. છેલ્લા પાંચ વરસમાં આદિવાસી સમાજ પર પણ અત્યાચારના કુલ ૧૫૯૦ નવા કેસ



નોંધાયા છે.

રાજયમાં અનુસુચિત જનજાતિ સમાજ પર અત્યાચારના કુલ ૩૫૫૩ કેસ ના ટ્રાયલ બાકી છે, ભાજપ સરકારમાં દર ૪૮ કલાકે એક આદિવાસી ભાઈ બહેન પર અત્યાચાર કે હુમલાની ઘટના બને છે. સૌથી ચોંકાવનારી અને શરમજનક બાબત એ છે કે ગુન્હેગારોને સજા અપાવવામાં સરકાર સદંતર નિષ્ફળ રહી છે. છેલ્લા ૩ વરસમાં એસટી અત્યાચાર ના કેસોમાં સજાનો દર ૧ ટકા કરતા પણ ઓછો છે. કોંગ્રેસે આ આંકડાઓ રજુ કરતા જણાવ્યુ હતુ કે ગુજરાતમાં અનુસુચિત જાતિ પર અત્યાચારના નવા નોંધાયેલામાં વર્ષ ૨૦૧૯ માં ૧૧૪૧૬, વર્ષ ૨૦૨૦ માં ૧૩૨૬, વર્ષ ૨૦૨૧ માં ૧૨૦૧, વર્ષ ૨૦૨૨ માં ૧૨૭૯, વર્ષ ૨૦૨૩ માં ૧૩૭૩ થયા છે. ગુજરાતમાં અનુસુચિત જનજાતિ પર અત્યાચારના નવા નોંધાયેલામાં વર્ષ ૨૦૧૯ માં ૩૨૧, વર્ષ ૨૦૨૦ માં ૨૯૧, વર્ષ ૨૦૨૧ માં ૩૪૧, વર્ષ ૨૦૨૨ માં ૩૩૦ , વર્ષ ૨૦૨૩ માં ૩૦૭ નોંધાયા છે.

છેલ્લા પાંચ વરસમાં કુલ ૧૫૯૦ કેસ નવા નોધાયા છે. ગુજરાતમાં અમદાવાદ, બનાસકાંઠા, સાબરકાંઠા, સુરેન્દ્રનગર, રાજકોટ, કચ્છ, જુનાગઢ, અરવલ્લી જેવા જિલ્લાઓમાં પણ અનુસુચિત જાતિ પર થયેલ અત્યાચાર વધી રહયા છે. સમગ્ર દેશમાં અધિકારીઓ માટે ૧૫૦૦ થી વધુ જનજાગૃતિ કાર્યક્રમો થયા , ત્યારે ગુજરાતની સંવેદનશીલ ગણાતી સરકારના પેટ નુ પાણી પણ હલ્યુ નથી. વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯ માં માત્ર ૬-૬ કાર્યક્રમો થયા અને ૨૦૨૦ માં તો એકપણ કાર્યક્રમ કરવાની તસ્દી લીધી નથી.

આ સ્પષ્ટપણે ભાજપની દલીત અને આદિવાસી વિરોધી માનસિકતા છતી કરી છે. રાજયમાં પેન્ડીંગ કેસોમાં કડક કાર્યવાહી કરવામાં આવે અને કેસો ફાસ્ટટ્રેક કરવામાં આવે, દલિત અને આદિવાસી સમાજની સુરક્ષાને સુનિશ્ચિત કરવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

# ગાંધીનગરમાં કોંગ્રેસનો જનઆક્રોશ : અમિત ચાવડાનો હુંકાર: ગોળી ખાવી પડે તોય તમારા માટે લડીશુ






પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

કેન્દ્ર સરકાર દ્વારા મનરેગા યોજનાને સ્થાને નવી વિકસિત ભારત જી રામ જી યોજના લાવવાના વિરોધમાં ગુજરાત કોંગ્રેસે મેદાનમાં ઉતરી છે. વિધાનસભાના બજેટસત્ર ના પ્રથમ દિવસે જ આજે સોમવારે ૧૬ ફેબ્રુઆરી ના રોજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે મનરેગા બચાવો સંગ્રામ ના નેજા હેઠળ વિશાળ જનઆક્રોશ સભા યોજવામાં આવી હતી.

આ સભામાં રાજયભરમાંથી ઉમટી પડેલા લોકો, ખેડુતો, આદિવાસીઓ અને મહિલા કર્મચારીઓની હાજરીમાં કોંગ્રેસના દિગ્ગજ નેતાઓએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. આ ઉપરાંત ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણી માટે રાહુલ ગાંધી ગુજરાતમાં અગાઉ થી જ પ્રચાર કરશે તેવી જાહેરાત કરીને કોંગ્રેસે આગામી ચુંટણીનો રોડ મેપ પણ સ્પષ્ટ કર્યો છે. ગુજરાત કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ સભાને સંબોધતા જણાવ્યુ હતુ કે અહીં ઉપસ્થિત જનમેદની મનરેગા કૌભાંડ અને મહિલા કર્મચારીઓના શોષણના જીવતા જાગતા પુરાવાઓ સાથે લાવી છે. તેમણે આશ્વાસન આપતા કહ્યુ હતુ કે રાહુલ ગાંધીના યોધ્ધાઓ તમારા માટે રોડ રસ્તા પર અને વિધાનસભામાં લડશે, જરૂર પડશે તો લાઠી અને ગોળી પણ ખાઈશુ, ચાવડાએ જનઆક્રોશ યાત્રાનો ઉલ્લેખ કરતા કહ્યુ હતુ કે આ યાત્રા દરમિયાન દારૂ, ડ્રગ્સ અને ભ્રષ્ટાચારના પુરાવા મળ્યા છે. તેમણે પોલીસની કામગીરી પર પણ સવાલો ઉઠાવતા કહ્યુ હતુ કે લોકો ખુલ્લેઆમ કહે છે કે પોલીસ હપ્તા લે છે. તેમણે આદિવાસીઓના અધિકારો અને ખેડુતોની સમસ્યાઓને વાચા આપવાનો કોંગ્રેસનો સંકલ્પ દોહરાવ્યો હતો.

વિપક્ષ નેતા ડો. તુષાર ચૌધરીએ ભાજપના ડબલ એન્જીનના દાવા પર કટાક્ષ કરતા કહ્યુ હતુ કે એક એન્જીન ભાવ વધારે છે અને બીજુ ભ્રષ્ટાચાર કરે છે. તેમણે સવાલ ઉઠાવ્યો કે જો ખરેખર વિકાસ થયો હોય તો રાજયના ૩.૬૫ કરોડ લોકોને મફત અનાજ કેમ આપવુ પડે છે ? તેમણે ભ્રષ્ટાચારના મુદ્દે કલેકટરોની ધરપકડનો હવાલો આપતા સરકારની કામગીરી પર પ્રશ્નાર્થ ચિન્હ મુકયુ હતું. પૂર્વ કેન્દ્રીય મંત્રી ભરતસિંહ સોલંકીએ તો ભાજપ પર અંગ્રેજો કરતા પણ વધુ ભ્રષ્ટાચાર કરવાનો ગંભીર આક્ષેપ લગાવ્યો હતો.

ધારાસભ્ય શૈલેષ પરમારે ભાજપને પડકાર ફેંકતા કહ્યુ હતુ કે જો ખરેખર ૩૦ વરસ સુશાસન આપ્યુ હોય તો આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ બેલેટ પેપરથી કરાવી જુઓ, દુધનુ દુધ અને પાણીનુ પાણી થઈ જશે, તેમણે આમ આદમી પાર્ટીને ભાજપની બી ટીમ ગણાવી, સાંસદ ગેનીબેન ઠાકોરે દારૂ ડ્રગ્સના દુષણ અને વહિવટી તંત્રની નિષ્ક્રિયતા પર પ્રહારો કર્યા હતા. મહિલા નેતા જેની ઠુમ્મરે મહિલા મંત્રીઓ પર કટાક્ષ કરતા કહ્યુ હતુ કે તેઓ માત્ર ૨૦ હજાર રૂપીયાની મોંઘી સાડીઓ પહેરવા જ મંત્રી બન્યા છે અને મહિલાઓના પ્રશ્ને મૌન સેવે છે, આદિવાસી નેતા અનંત પટેલે ભાજપને નારંગી ગેંગ ગણાવી અન્યાયી સરકારને બદલવા અપીલ કરી હતી.

### આજે બજેટ સત્રનો તોફાની પ્રારંભ : ટ્રેડ-ડીલ-ફીકસ પે મુદ્દે આમ આદમી પાર્ટીએ નારેબાજી કરી

# રાજયપાલે પ્રવચન ટુંકાવવુ પડયું : ટ્રેડ ડીલ હટાવો - કિસાન બચાવોની નારેબાજી: ખેડુતોના દેવા મુદ્દે પાટલીઓ ગુંજી: આપના ધારાસભ્યો પ્લે કાર્ડ લઈને વિધાનસભામાં પહોચ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાત વિધાનસભામાં આજે તારીખ ૧૬ ફેબ્રુઆરી થી બજેટ સત્રનો પ્રારંભ થયો હતો. ૧૫ મી ગુજરાત વિધાનસભાના ૮ માં સત્રના પ્રથમ દિવસે જ આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા અને ચૈતર વસાવા ટ્રેડ ડીલ હટાવો , કિસાન બચાવો ના પોસ્ટર સાથે વિધાનસભામાં પહોચ્યા હતા. તો સત્રની શરૂઆત પહેલા ભાજપની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.

ગુજરાત વિધાનસભાના સત્રના પ્રારંભે રાજયપાલ આચાર્ય દેવવ્રતે આશરે ૨૧ મીનીટ સુધી ગૃહને સંબોધન કર્યુ હતું. પોતાના પ્રવચનમાં રાજયપાલે રાજય સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ, કૃષિ વિકાસ, ઈન્ફ્રાસ્ટ્રકચર અને ગરીબ કલ્યાણ માટેના પ્રયાસોનો વિગતવાર ઉલ્લેખ કર્યો હતો. રાજયના સર્વાંગી વિકાસ માટે સરકાર પ્રતિબધ્ધ હોવાનુ તેમણે જણાવ્યુ હતું.

રાજયપાલના સંબોધન દરમિયાન કોંગ્રેસના ધારાસભ્યો એ ખેડુતોનુ દેવુ માફ કરો ના સુત્રોચ્ચાર સાથે વિરોધ નોંધાવ્યો હતો. ખેડુતોના મુદ્દે સરકાર પર દબાણ બનાવવા માટે કોંગ્રેસે ગૃહમાં અવાજ ઉઠાવ્યો હતો. જયારે ભાજપના ધારાસભ્યોએ પાટલીઓ ખખડાવી વિરોધનો જવાબ આપ્યો હતો. ગૃહમાં થોડો સમય તણાવપૂર્ણ માહોલ સર્જાયો હતો. રાજયપાલનુ સંબોધન પૂર્ણ થતા તેમણે ગૃહના તમામ સભ્યોનો આભાર વ્યકત કર્યો હતો અને વિરોધ વચ્ચે પણ કોંગ્રેસના સભ્યનો બે વખત આભાર માની સંસદીય પરંપરા જાળવવાનો સંદેશ આપ્યો હતો. દિવંગત સભ્યોના આત્માની શાંતિ માટે સભાગૃહે બે મીનીટનુ મૌન પાળ્યુ હતું.






વિધાનસભાના ૮ માં સત્રના પ્રથમ દિવસે વિધાનગૃહના નેતા અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે શોક દર્શક ઉલ્લેખોમાં વિધાનસભાના દિવંગત પૂર્વ સદસ્યોને શ્રધ્ધાંજલી પાઠવી હતી. વિધાનસભાના પૂર્વ દિવંગત સદસ્યો પૂર્વ મંત્રી સ્વ. મનસુખભાઈ છગનલાલ જોશી, પુર્વ રાજયકક્ષાના મંત્રી સ્વ. મોહમદભાઈ ગુલામમોયુદીન સુરતી તથા પૂર્વ સભ્યો સ્વ. ધીરજલાલ ફુલાભાઈ રીબડીયા , સ્વ. અમરસિંહ રામસિંહ વસાવા, સ્વ. વજુભાઈ પરમાભાઈ ડોડીયા અને સ્વ. બાવનજીભાઈ હંસરાજભાઈ મેતલીયાના અવસાન અંગેના શોક દર્શક ઉલ્લેખો ગૃહમાં રજુ થયા હતા.

મુખ્યમંત્રીએ આ સૌ દિવંગત પૂર્વજન પ્રતિનિધિઓની કર્તવ્ય પરાયણતા અને પ્રજાકીય પ્રશ્નો / રજુઆતોને વાચા આપી તેના નિવારણ માટેની સક્રિયતા ની સરાહના કરી હતી. તેમણે દિવંગત પૂર્વ સભ્યોના અવસાન અંગે શોકની લાગણી વ્યકત કરીને તેમના આત્માની શાંતિ માટે પ્રભુ પ્રાર્થના કરી હતી.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી, રાજયમંત્રી મંડળના મંત્રી અર્જુન મોઢવાડીયા અને વિપક્ષના ધારાસભ્યો તુષાર ચૌધરી, ચૈતર વસાવા અને ગોપાલ ઈટાલીયાએ પણ આ શોકદર્શક ઉલ્લેખોમાં પોતાનો સુર પુરાવીને દિવંગત પુર્વ સદસ્યોને ભાવાંજલી આપી હતી. આ સૌ સ્વર્ગસ્થ પૂર્વ સભ્યોના પરીવારજનોને વિધાનસભા અધ્યક્ષ મારફતે સભાગૃહ વતી દિલસોજી સંદેશ પાઠવવામાં આવ્યા હતા. આ સૌ દિવંગત સભ્યોના સન્માનમા સભાગૃહે બે મીનીટ નુ મૌન પાળ્યુ હતું.

વિધાનસભા સત્ર થાય એ પહેલા આમ આદમી પાર્ટીના ધારાસભ્યો ગોપાલ ઈટાલીયા અને ચૈતર વસાવાએ પ્લે કાર્ડ બતાવી ટ્રેડ ડીલ મુદ્દે ભાજપ સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા અને જણાવ્યુ હતુ કે અમેરીકાના દબાણમાં આવીને ભારત સરકારે ટ્રેડ ડીલ કરી છે. અમેરીકાને ફાયદો થાય અને ગુજરાત સહિત પુરા ભારતના ખેડુતો, પશુપાલકો અને નાના ઉદ્યોગોને નુકશાન થાય એવી એક તરફી ટ્રેડ ડીલ કરવામાં આવી છે. ભારત સરકાર અમેરીકા સામે સરેન્ડર થઈ ગઈ છે. પહેલા ભારતની વસ્તુઓ પર અમેરીકામાં ૦ ટકા ટેક્ષ હતો. હવે ૧૮ ટકા ટેક્ષ લાગશે, જયારે અમેરીકાની અનેક ખેતીલક્ષી પ્રોડકટોના આયાત પર ભારતે ટેક્ષ ૦ કરી નાખ્યો છે. અમેરીકાથી કપાસ, દુધ સસ્તામાં આવશે તો આપણા ખેડુતો જે દુધ અને કપાસ પેદા કરે છે એનુ શું થશે ? તેવો સવાલ પણ તેમણે ઉઠાવ્યો હતો.

# વિધાનસભામાં જયેશ રાદડીયાને ગળે મળવા અંગે કહયું ગોપાલ ઈટાલીયાએ રામ રામ કરીને ખબર અંતર પુછયા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગાંધીનગર ખાતે આજે સોમવારે ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ ગુજરાત વિધાનસભાના બજેટસત્રના પ્રથમ દિવસે એક અનોખો નજારો જોવા મળ્યો હતો. ગૃહની કાર્યવાહી શરૂ થાય તે પહેલા ભાજપના દિગ્ગજ નેતા જયેશ રાદડીયા અને આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા વચ્ચે અત્યંત ઉષ્માભર્યુ મિલન થયુ હતું. પક્ષાપક્ષીની રાજનીતી બાજુ પર મુકીને બંને નેતાઓ એક બીજાને ગળે મળ્યા હતા અને હાથ મીલાવીને લાંબો



સમય ચર્ચા કરી હતી.

લોકશાહીના પવિત્ર મંદિરમાં સત્તાધારીપક્ષ અને વિપક્ષના પ્રતિનિધિઓ વચ્ચેની આ પ્રકારની સમરસતા રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચાનો અને આવકારનો વિષય બની હતી. જયેશ રાદડીયા સાથેની આ મુલાકાત બાદ ગોપાલ ઈટાલીયાએ પ્રતિક્રિયા આપતા જણાવ્યુ હતુ કે આ એક શિષ્ટાચાર મુલાકાત હતી, તેમણે રાદડીયાને રામ રામ કરીને તેમના ખબરઅંતર પુછયા હતા. ઈટાલીયાએ વધુમાં ઉમેર્યુ હતુ કે તેમણે વરીષ્ઠ નેતા સાથે વિવિધ વિષયો પર ચર્ચા કરી માર્ગદર્શન પણ મેળવ્યુ હતું. આ મુલાકાત પાછળ કોઈ રાજકીય ગણીત હોવાનો તેમણે ઈન્કાર કર્યો હતો અને સ્પષ્ટ કહ્યુ હતુ કે ચર્ચાનો અન્ય કોઈ વિષય ન હતો, માત્ર સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં આ મીલન થયુ હતું.

# વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે પૂર્ણેશ મોદીની વરણી : વિપક્ષનુ કાર્યાલય ડે.સીએમ ને ફાળવાયુ

પ્રતિનિધિ,ગાંધીનગર

આજથી ૧૫ મી ગુજરાત વિધાનસભાના બજેટસત્રની શરૂઆત થઈ છે. તો બીજી તરફ વિધાનસભા ગૃહના નવા ઉપાધ્યક્ષ તરીકે પુર્ણેશ મોદી બહુમતીથી ચુંટાયા હતા. જેમાં આમ આદમી પાર્ટીના બે ધારાસભ્યોએ નોટા પર વોટ આપ્યો હતો.




નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ હતુ કે આજથી ગુજરાત વિધાનસભાના બજેટસત્રની શરૂઆત થાય છે. આ સત્રમાં રાજયના નાગરીકોના હીતમાં લેવાયેલા નિર્ણય તેમજ લોકોને વધુ વિકાસ મળે તે માટે નવી યોજનાઓ પર ચર્ચા થશે. મારી તમામ પક્ષોને વિનંતી છે કે રાજકીય ટીકા થી બહાર આવી ચર્ચા કરે, સૌ ધારાસભ્યો પોતાના મતવિસ્તારના પ્રશ્નો અંગે સુચન આપે, આજે ગાંધીનગર ખાતે વિધાનસભા સત્ર દરમિયાન ઉપાધ્યક્ષ પદ માટે ચુંટણી કરવામાં આવી હતી. જેમાં પુર્ણેશ મોદીની બહુમતીથી ઉપાધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી હતી. કોંગ્રેસના દિનેશ ઠાકોરે શૈલેષ પરમારના નામનો પ્રસ્તાવ રજુ કર્યો હતો. જયારે જીતુ વાઘાણી એ પુર્ણેશ મોદીના નામનો પ્રસ્તાવ મુકયો હતો. મત વિચારણા દરમિયાન કોંગ્રેસના શૈલેષ પરમારનો પ્રસ્તાવ નામંજુર કરવામાં આવ્યો. અને પુર્ણેશ મોદીના સમર્થનમાં ચુકાદો થયો હતો. વિધાનસભાના સત્ર દરમિયાન થયેલી ઉપાધ્યક્ષ પદ માટેની ચુંટણીમાં આમ આદમી પાર્ટી ચુંટણીથી દુર રહી હતી. આમ આદમી પાર્ટીએ આ ચુંટણીમાં કોઈ ઉમેદવારને ટેકો ન આપતા નોટા નો વિકલ્પ પસંદ કર્યો હતો. ત્યારબાદ વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે પુર્ણશ મોદીની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.

નાયબ મુખ્યમંત્રીના કાર્યાલય અંગે મળેલા સમાચારો મુજબ વિધાનસભા ગૃહમાં બીજા માળે બંધ પડેલુ વિપક્ષનુ કાર્યાલય હવે નાયબ મુખ્યમંત્રીના કાર્યાલય તરીકે ઓળખાશે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના કાર્યાલયમાં સ્ટાફ વધુ હોવાના કારણે બીજા માળ ખાતે ઓફીસ ફાળવવામાં આવી છે. અગાઉ પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલની ઓફીસ ફાળવવામાં આવી હતી. આપને જણાવી દઈએ કે વર્ષ ૨૦૨૨ વિધાનસભા ચુંટણીમાં કોંગ્રેસ પક્ષના ૧૭ ધારાસભ્ય ચુંટાઈને આવ્યા હતા. કોંગ્રેસ પક્ષના ૧૭ ધારાસભ્ય હોવાના કારણે વિપક્ષનુ પદ કોંગ્રેસને મળ્યુ ન હતું. આથી વિપક્ષ કાર્યાલય બંધ કરવામાં આવ્યુ હતું. કોંગ્રેસ પક્ષને વિધાનસભાના પ્રથમ માળે ઓફીસ ફાળવી હતી.

વિસાવદર બેઠક પરથી આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ જણાવ્યુ હતુ કે હું વિસાવદરના ખેડુતોનો આભાર માનુ છું, વિધાનસભા માં બેસીને બોલી શકુ છુ, તેમાં મને રોમાંચ થાય છે, ઉપાધ્યક્ષ પદ માટેની ચુંટણીમાં કોઈને પણ વોટ ન આપવા પર ગોપાલ ઈટાલીયાએ કહ્યુ હતુ કે અમે નોટાની માંગણી કરી, એમણે બંને પાર્ટી પસંદ નથી. પુર્ણેશભાઈને ઉપાધ્યક્ષ બનવા બદલ શુભેચ્છા પાઠવુ છું.

# કચરાના ડુંગરમાં ભીષણ આગ, ઝેરી ધુમાડાથી લોકો ત્રાહિમામ

(સંપૂર્ણ સમાચાર સેવા)દેવભૂમિ દ્વારકા

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક જામ ખંભાળીયામાં નગરપાલિકાની ડમ્પિંગ સાઈડ પર ફરી એકવાર ભીષણ આગ ભભૂકી ઉઠી છે. કચરાના વિશાળ ઢગલામાં લાગેલી આગને કારણે આકાશમાં ધુમાડાના કાળા ગોટેગોટા છવાઈ ગયા હતા, જે દુર-દુર સુધી જોઈ શકાતા હતા. આ ઘટનાને પગલે આસપાસના રહીશોના આરોગ્ય સામે મોટું જોખમ ઊભું થયું છે. આ આગ લાગવાને કારણે સમગ્ર વિસ્તારમાં ઝેરી ધુમાડો ફેલાયો છે. જે કારણે સ્થાનિક લોકોએ શ્વાસ લેવામાં તકલીફ પડવાની સમસ્યાની ફરિયાદ કરી છે.જામ ખંભાળીયા નગરપાલિકાની ડમ્પિંગ સાઈડ પર લાગેલી આગને કારણે ફેલાયેલો ધુમાડો અત્યંત ઝેરી હોવાથી આસપાસના વિસ્તારના લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. શ્વાસ લેવામાં તકલીફ અને આંખોમાં બળતરા જેવી ફરિયાદો પણ સ્થાનિક લોકો દ્વારા કરવામાં આવી રહી છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે, તંત્રની ઘોર લાપરવાહીને કારણે આ સાઈટ પર વારંવાર આગ લાગવાની ઘટનાઓ બને છે, પરંતુ તેનું કોઈ કાયમી નિરાકરણ લાવવામાં આવતું નથી.

આગની જાણ થતા જ જામ ખંભાળીયા નગરપાલિકાના ફાયર ફાઈટર્સ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયા હતા. ફાયર જવાનો દ્વારા સતત પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જોકે, કચરાના ઢગલામાં અંદરના ભાગે લાગેલી આગને કારણે તેને સંપૂર્ણ ઠારવામાં મુશ્કેલી પડી રહી છે. જામ ખંભાળીયા નગરપાલિકા દ્વારા કચરાના યોગ્ય નિકાલ માટે કોઈ નક્કર આયોજન ન હોવાને કારણે વારંવાર સર્જાતી આ પરિસ્થિતિથી પ્રજામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.